મનિષ ડોકટર
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

**FIRST APEAL**

**TOWN DEVLOPMENT OFFICER**

**SMC/DTP/FAP/NO./ /2017-18**

**Dt:**

**અપીલ અરજી: તા.૩૦/૧૦ / ૨૦૧૭**

**<u>અરજદાર:</u>** **શ્રી રાધાક્રિશન આર. એચ.**

**<u>સામાવાળા:</u>** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ શ્રી રાધાક્રિશન આર. એચ.ની તા.૦૭/૦૯/૨૦૧૭ અરજી આઈ.ડી. નં.૩૮૪ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–**(૧)આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૭/૦/૨૦૧૭ અરજી આઈ.ડી. નં.૩૮૪

(૨)જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ અધિકારીશ્રી (વેસ્ટ ઝોન) નં. વેસ્ટ ઝોન /આરટીઆઈસેલ/૬૬૬, તા.૧૪/૦૯/૨૦૧૭.

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૩૭૨, તા.૦૫/૧૦/૨૦૧૭.

(૪) આપશ્રીની અપીલ અરજી તા.૩૦/૧૦/૨૦૧૭.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૪૨ I અપીલ તા.૦૭/૧૧/૨૦૧૭

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ /૫૦ I અપીલ તા.૨૮/૧૧/૨૦૧૭.

અરજદારશ્રીરાધાક્રિશન આર. એચ. ધ્વારા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ સંદર્ભ (૧) હેઠળની અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી આંશિક માહિતીનો જવાબ માટે જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ અધિકારીશ્રી (વેસ્ટ ઝોન), ધ્વારાતબદીલ થઈ અત્રે તા.૧૪/૦૯/૨૦૧૭ થી મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈ ધ્વારા સદરહુ અરજીથી માંગવામાં આવેલ માહિતી અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્ર દ્રારા પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં.૨૩I, તા.૦૧–૧૧–૨૦૧૭ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૦૭/૧૧/૨૦૧૭ ના પત્રથી શ્રી રાધાક્રિશન આર. એચ. તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર. એસ. દેસાઈને તા.૧૦–૧૧–૨૦૧૭ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી, આર.એસ.દેસાઈઅને આસી. ટાઉન પ્લાનરશ્રી ગૌરાંગ દેસાઈ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નહી. જે અન્વયે ન્યાયના હિતમાં ફરીથી અરજદારશ્રીને રજુઆત અંગેએક તકઆપવામાં આવેલ અને ફરીથી સદર અપીલની સુનાવણી તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજ સાંજે ૫:૦૦ કલાકે મુકરર કરેલ. જની જાણ અરજદારશ્રીને સંદર્ભ (૬) હેઠળનાપત્રથી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર

માહિતી અધિકારી, આર.એસ.દેસાઈ અને આસી. ટાઉન પ્લાનરશ્રી,ગૌરાંગ દેસાઈ નિયતસમયે અપીલ અધિકારી સમક્ષ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી સુનાવણીમાં ફરી ગેરહાજર રહેલ, અપીલની બન્ને સુનાવણી દરમ્યાન તથા આજદિન સુધી અરજદારશ્રી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર થયેલ ન હોય, તેમજ આ અંગે તેમના ધ્વારા કોઈ લેખીત રજુઆત કરવામાં આવેલ નથી. સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ.

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળ સંદર્ભ(૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતીજાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૩૭૨, તા.૦૫/૧૦/૨૦૧૭ થી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે.

અપીલની સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા તથા અરજદારશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી અથવા લેખીતમાં પણ તેમના ધ્વારા કોઈ વધુ રજુઆત કરવામાં આવેલ નથી. અરજદારશ્રીને તેઓની અપીલ અરજી અન્વયે વધુ કોઈ રજુઆત કરવાની ન હોવાનું માની સદર અપીલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

—: હુકમ :—

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૩૮૪, તા.૦૭/૦૯/૨૦૧૭થી અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી તથા તે અન્વયે મળેલ માહિતી/જવાબ અંગે નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજી કરેલ. જે અન્વયેઅપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા બે વખત અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવા અંગેતકઆપવામાં આવેલ છે. પરંતુ બન્ને સુનાવણી દરમ્યાન તથા આજદિન સુધી અરજદારશ્રી કે તેમના કોઈ પ્રતિનિધિએ હાજર રહી રૂબરૂ રજુઆત કરેલ નથી. તેમજ આ અંગે લેખીતમાં વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. વધુમાં, જાહેર માહિતી અધિકારીશ્રી અપીલની સુનાવણી દરમ્યાન હાજર રહી રૂબરૂમાં કરવામાં આવેલ રજુઆત મુજબ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતીનો તેમના ધ્વારા નિયતસમય મર્યાદામાં સંદર્ભ(૨) હેઠળના પત્રથી માહિતી/જવાબ પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે ડેપ્યુટી ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારીશ્રી આર. એસ. દેસાઈને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેમજ આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી રાધાકિશન આર. એચ.**
**૧૫૯–રણછોડપાર્ક સોસા.,**
**રામનગરકોલોની,**
**રાંદેર રોડ,સુરત.**

**નકલ રવાનાઃ**– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એફ) પ્રતિ ..... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ**– આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાનાઃ**– સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

મનિષ ડોકટર
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

FIRST APEEL
TOWN DEVLOPMENT OFFICER
SMC/DTP/FAP/NO./ 2017-18
Dt: -08-2017

**અપીલ અરજી : તા.૧૩/૦૬/૨૦૧૭.**
**અરજદાર: શ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા,**
**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એસ.ડી.બંગલાવાળા તથા વી.એસ.ગણેશવાળા, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા ની તા.૧૯/૦૪/૨૦૧૭ અરજી આઈ.ડી.નં.૧૦૪ થી માંગેલ માહિતી બાબત.
**સંદર્ભ:–** (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા. ૧૯/૦૪/૨૦૧૭ ના રોજની અરજી (આઈ.ડી.નં.૧૦૪)
(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાનો પત્ર નં. સીસીસી/ સી.ઝેડ./ આર.ટી.આઈ./ આઉટ ૧૦૪, તા.૨૦/૦૪/૨૦૧૭.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૦ તથા ૭૫, તા.૨/૦૫/૨૦૧૭ તથા તા.૩/૦૫/૨૦૧૭.
(૪) આપશ્રીની અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૭.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૪I, તા.૨૨/૦૬/૨૦૧૭.
(૬)અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૧, તા.૨૫/૦૭/૨૦૧૭.

અરજદાર શ્રી મુકેશ ગણપતભાઈ રાણા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગવા માટેની અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએ તબદીલ કરવામાં આવેલ. જે ઈનવર્ડ નં.૩૭, ટી.પી.ડી.આરટી.આઈ., તા.૨૪/૦૪/૨૦૧૭થી જાહેર માહિતી અધિકારી ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) તથા જાહેર માહિતી અધિકારી ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) ને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) શ્રી એસ.ડી.બંગલાવાલા તથા (જી) શ્રી વી.એસ.ગણેશવાલા, દ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીની તા.૧૯/૦૪/૨૦૧૭ની અરજીથી માંગેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય, અત્રેથી જવાબ પાઠવવાનો રહેતો ન હોય,જણાવવામાં આવેલ, જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/ઈ.નં.૦૫I, તા.૧૩/૦૬/૨૦૧૭ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૨૨/૦૬/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) શ્રી એસ.ડી.બંગલાવાલા તથા (જી) શ્રી વી.એસ.ગણેશવાલાને તા.૨૩/૦૬/૨૦૧૭ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા હાજર રહેલ ન હતાં. જેથી અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે વધુ એક તક આપી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૨૮/૦૭/૨૦૧૭ ના સાંજે ૦૫:૦૦ કલાકે અરજદારશ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)શ્રી એસ.ડી.બંગલાવાલા તથા (જી) શ્રી વી.એસ.ગણેશવાલાને રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી મુકેશભાઈ ગણપતભાઈ રાણા હાજર રહેલ ન

હતા. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) તથા (જી) એ સુનાવણીમાં હાજર રહી તેઓશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજી અન્વયે તમામ કાર્યવાહી કરેલ હોવાનું તથા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:હુકમ:—**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૭/૦૬/૨૦૧૭ના રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૨૩/૦૬/૨૦૧૭ તથા તા.૨૮/૦૭/૨૦૧૭ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી મુકેશભાઈ ગણપતલાલ રાણા હાજર રહેલ નથી તેમજ આ સંદર્ભે લેખિતમાં વધુ કોઈ રજુઆત કરેલ નથી.સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)શ્રી એસ.ડી.બંગલાવાલા તથા (જી) શ્રી વી.એસ.ગણેશવાલાએ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલની વિગતો અન્વયે તેઓને સંદર્ભ (૩) હેઠળના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય હોવાની સ્પષ્ટતા/રજુઆત કરેલ છે. જેથી પ્રથમ અપીલ અરજી સંદર્ભેજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)શ્રી એસ.ડી.બંગલાવાલા તથા (જી) શ્રી વી.એસ.ગણેશવાલાને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**શ્રી મુકેશભાઈ ગણપતલાલ રાણા,**
**(શહેર કોંગ્રેસ મુખ્યમંત્રી)**
**૩/૧૮૮,ખાંગડશેરીના નાકે,**
**સલાબતપુરા, સુરત.**

**નકલ રવાના:–** (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ) તથા (જી), ટાઉન પ્લાનીંગ ખાતુ પ્રતિ, જાણ તથા અમલ સારૂ.
(૨)સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા ........ પ્રતિ જાણ સારૂ.

મનિષ ડોકટર
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

FIRST APEEL
TOWN DEVLOPMENT OFFICER
SMC/DTP/FAP/NO./ 2017-18
Dt: -11-2017

**અપીલ અરજી : ૦૫/૧૦/૨૦૧૭.**
**અરજદાર: શ્રી રોહીન્ટન બી. મહેતા,**
**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,વી.એસ.ગણેશવાળા, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી રોહીન્ટન બી. મહેતા ની તા.૧૪/૦૮/૨૦૧૭ અરજી આઈ.ડી. નં.૧૦૨૬થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ:–** (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા. ૧૪/૦૮/૨૦૧૭ ના રોજની અરજી (આઈ.ડી.નં.૧૦૨૬)
(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાનો પત્ર નં. સીસીસી.સી.ઝેડ./ આર.ટી.આઈ./ આઉટ ૧૦૨૬, તા.૧૬/૦૮/૨૦૧૭.
(૩) જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાનો પત્ર નં.ટી.ડી.ઓ./૪૦૮,તા.૨૮/૦૮/૨૦૧૭.
(૪) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૨, તા.૨૨/૦૯/૨૦૧૭.
(૫) આપશ્રીની અપીલ અરજી તા.૦૫/૧૦/૨૦૧૭.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૩૮I, તા.૧૮/૧૦/૨૦૧૭.

અરજદાર શ્રી રોહીન્ટન બી. મહેતા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગવા માટેની અરજી સંદર્ભ (૩) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએ તબદીલ કરવામાં આવેલ. જે ઈનવર્ડ નં.૧૬૯, ટી.પી.ડી.આર.ટી.આઈ., તા.૨૯/૦૮/૨૦૧૭થી જાહેર માહિતી અધિકારી ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) ને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલા, દ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રીની તા.૧૪/૦૮/૨૦૧૭ની અરજીથી માંગેલ માહિતી અન્વયે, અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી વરાછાઝોન વિસ્તાર અંગે આવી કોઈપણ પ્રકારની માહિતી અલગથી નિભાવવામાં આવતી નથી,જણાવવામાં આવેલ, જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/ઈ.નં.૨૧I, તા.૧૦/૧૦/૨૦૧૭ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૧૮/૧૦/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રીરોહીન્ટન બી. મહેતાતથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલાને તા.૧૮/૧૦/૨૦૧૭ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ.સદર રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી રોહીન્ટન બી. મહેતા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) હાજર રહેલ હતા. સદરહું સુનાવણી દરમ્યાન અરજદારશ્રી દ્વારા છેલ્લા ૨૫(પચ્ચીસ) વર્ષમાં જાહેર જનતાના હિતાર્થે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને કયા કયા ખાનગી/ધાર્મિક ટ્રસ્ટોની કેટલી જગ્યા કયા હેતુઓ માટે એકવાયર કરેલ છે અને તેનુ

કેટલુ વળતર ચુકવવામાં આવ્યુ છે, જે માહિતી પ્રમાણિત નકલ સહ મળેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર માંગેલ જાણકારીથી તદ્દન વેગળો છે. જેથી ફરી જવાબ આપવા રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) દ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી માંગવામાં આવેલ માહિતી જનરલ રેકર્ડ સ્વરૂપે ખાતામાં/કચેરીમાં ઉપલબ્ધ નહી હોવાનું તથા આવી કોઈપણ પ્રકારની માહિતી અલગથી નિભાવવામાં આવતી નહી હોય, ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત જ માહિતી પાઠવવાની રહેતી હોવાથી અરજદારશ્રી દ્વારા ચોક્કસ કેસ/જમીનની વિગતો/માહિતી માંગ્યેથી પાઠવી શકાય તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારશ્રીની સંદર્ભ (૫) હેઠળની અપીલ અરજી અન્વયે સદરહું બન્ને પક્ષોની રજુઆતો ધ્યાને લઈ આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

—:હુકમ:—

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૧૦૨૬, તા.૧૪/૦૮/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૫/૧૦/૨૦૧૭ના રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૧૮/૧૦/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી રોહીન્ટન બી. મહેતા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલા હાજર રહેલ હતાં. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) દ્વારા, અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલની વિગતે સંદર્ભ (૪) હેઠળના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર માટે અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી જનરલ રેકર્ડ સ્વરૂપે ખાતામાં/કચેરીમાં ઉપલબ્ધ નહિ હોવાનું તથા આવી કોઈપણ પ્રકારની માહિતી અલગથી નિભાવવામાં આવતી નહિ હોય, ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ આધારિત જ માહિતી પાઠવવાની રહેતી હોવાથી, અરજદારશ્રી દ્વારા ચોક્કસ કેસ/જમીનની વિગતો/માહિતી માંગ્યેથી પાઠવી શકાય તેમ હોવાની, સ્પષ્ટતા કરેલ છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલાને ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ ફાઈલ/રેકર્ડનું અરજદારશ્રીને નિયમાનુસાર નિરીક્ષણ કરાવી અરજદારશ્રી દ્વારા જે માહિતી/નકલોની માંગણી કરવામાં આવે તે નકલ/માહિતી આપવા માટે હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ,સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી રોહીનન્ટન બી. મહેતા,**
**ધી સુરત પારસી પંચાયત ફંડસ એન્ડ પ્રોપર્ટીઝ ટ્રસ્ટ,**
**ડો. જમશેદજી લશ્કરી રોડ,**
**શાહપોર,સુરત.**

**નકલ રવાના:**– (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી), ટાઉન પ્લાનીંગ ખાતુ પ્રતિ, જાણ તથા અમલ સારૂ.
(૨)સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા ........ પ્રતિ જાણ સારૂ.

d\Town Planning Dept\Personal\Supervisor\SHRUTI PATEL\RTI\1st apeal.docx./7-8

મનિષ ડોક્ટર
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

FIRST APEEL
TOWN DEVLOPMENT OFFICER
SMC/DTP/FAP/NO./ 2018-19
Dt: -06-2018

**અપીલ અરજી : તા.૦૬/૦૨/૨૦૧૮.**
**અરજદાર: શ્રી જોગેન્દ્ર આદીનાથ કાંબલે,**
**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,વી.એસ.ગણેશવાળા, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

**ફરીયાદની હકીકત:**

**વિષય:**– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી જોગેન્દ્ર આદીનાથ કાંબલેની તા.૨૧/૧૨/૨૦૧૭ અરજી આઈ.ડી. નં.૩૩૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ:**– (૧) આર.ટી.આઈ. એકટ અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની આપશ્રીની અરજી આઈ.ડી.નં. ૩૩૭, તા.૨૧/૧૨/૨૦૧૭.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) સુરત મહાનગરપાલિકાનો પત્ર નં.સી. /આર.ટી.આઈ./૩૩૭, તા.૨૧/૧૨/૨૦૧૭.
(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૯૯, તા.૦૪/૦૧/૨૦૧૮.
(૪) આપશ્રીની અપીલ અરજી નં.૪૯/૧૮,તા.૧૩/૦૩/૨૦૧૮.
(૫) જાહેર માહિતી અધિકારીશ્રી તથા જનસંપર્ક અધિકારી ટુ કલેકટરશ્રી ,સુરતનો પત્ર નં. પીઆરઓ/ આરટીઆઈ–તબ/અપીલ નં. ૪૯/૧૮ વશી ૭૭૯/૧૮ આઈ.ડી.નં. ૧૭૪૩/૧૭,તા.૧૭/૦૩/૨૦૧૮.
(૬) જાહેર માહિતી અધિકારીશ્રી તથા પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી), સુરત મહાનગરપાલિકાનો પત્ર નં.સી./એફ.એ.પી./૪૯, તા.૨૧/૦૩/૨૦૧૮.
(૭) ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૮ I, તા.૨૮/૦૩/૨૦૧૮.
(૮) ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧ I, તા.૧૧/૦૪/૨૦૧૮.
(૯) ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬I, તા.૧૩/૦૪/૨૦૧૮.

અરજદાર શ્રી જોગેન્દ્ર આદીનાથ કાંબલેધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગવા માટેની અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉનપ્લાનરશ્રી (જી),ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીને તબદીલ કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ઈનવર્ડ નં.૨૬૭, ટી.પી.ડી.આરટી.આઈ., તા.૨૨/૧૨/૨૦૧૭થી જાહેર માહિતી અધિકારી તથા ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) ને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી) શ્રી વી.એસ.ગણેશવાલા, દ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજીમાં કુલ ૬(છ) મુદ્દાઓ ઉપસ્થિત કરી વોટર પાર્ક અંગેની માંગવામાં આવેલ વિવિધ માહિતી આ સક્ષમ સત્તામંડળના અધિકારક્ષેત્રમાં આવતી નથી અને તે સંપૂર્ણ વિગતો/માહિતીની વિષયવસ્તુ ડેપ્યુટી ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોવાથી અરજી તેઓશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ, જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪)થી આપશ્રી દ્વારા લેખિતમાં અપીલ કરવામાં આવેલ. જે ટાઉન પ્લાનીંગ ખાતામાં સંદર્ભ (૬) હેઠળના પત્રથી અત્રે ઉપલબ્ધ થયેલ છે. જે ઈનવર્ડ નં. ૩૩I, ટી.પી.ડી.આર.ટી.આઈ., તા.૨૨/૦૩/૨૦૧૮થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ તથા સંદર્ભ (૮) હેઠળના પત્રથી તા.૧૨/૦૪/૨૦૧૮ ના રોજ તથા સંદર્ભ (૯) હેઠળના પત્રથી તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે અરજદારશ્રીજોગેન્દ્ર આદીનાથ કાંબલેતથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી) શ્રી વી.એસ.ગણેશવાલાને રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ અપીલ અધિકારીશ્રી અન્ય ખાતાકીય કામોમાં વ્યસ્ત હોઈ, સુનાવણી થઈ શકેલ નહી.સંદર્ભ (૧૦) હેઠળના પત્રથી અરજદારશ્રી દ્વારા ઉપલબ્ધ માહિતી આપવા અંગેની રજુઆત કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી

ટાઉન પ્લાનરશ્રી(જી) દ્વારા તા.૩૦/૦૪/૨૦૧૮ના રોજ અપીલ અધિકારીશ્રીનો સંપર્ક કરી અરજદારશ્રીની અરજીથી મંગાવવામાં આવેલ માહિતી અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગના કાર્યક્ષેત્રને સ્પર્શતી હોય, હાઉસીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ હોવાની વિગતો અપીલ અધિકારીશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

—:હુકમઃ—

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૩૩૭, તા.૨૧/૧૨/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૧૩/૦૩/૨૦૧૮ના રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી તા.૦૨/૦૪/૨૦૧૮, તા.૧૨/૦૪/૨૦૧૮ તથા તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી જોગેન્દ્ર આદીનાથ કાંબલે તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉનપ્લાનરશ્રી (જી) હાજર રહેલ પરંતુ અપીલ અધિકારીશ્રી અન્ય ખાતાકીય કામોમાં વ્યસ્ત હોઈ, સુનાવણી થઈ શકેલ નહી. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(જી) દ્વારા અરજદારશ્રી દ્વારા માંગેલ માહિતીની સંપૂર્ણ માહિતી/વિગતો જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગના અધિકારક્ષેત્રમાં આવતી હોય, અરજદારશ્રીને માહિતી/વિગતો પાઠવવા, સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીની જાણ હેઠળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા/રજુઆત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી સંદર્ભેજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી) શ્રી વી.એસ.ગણેશવાલાને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી સમયમર્યાદામાં સબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવા અંગે અંગત કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી જોગેન્દ્ર આદીનાથ કાંબલે,**
**૬, સુડા આવાસ, ભેસ્તાન,**
**સુરત–૩૯૫૦૨૩.**

**નકલ રવાનાઃ–** (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (જી), ટાઉન પ્લાનીંગ ખાતુ પ્રતિ, જાણ તથા અમલ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા ........ પ્રતિ જાણ સારૂ.

| મનિષ ડોકટર<br>શહેર વિકાસ અધિકારી<br>ટાઉન પ્લાનીંગ ખાતુ | સુરત મહાનગરપાલિકા,<br>મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩ |
|---|---|

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| Dt: - - 2018 |
| |

**અપીલ અરજીઃ તા.૩૦/૧૨/૨૦૧૭**

**અરજદાર : ભૂપેન્દ્ર રતિલાલ ચપટવાલા**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ) , ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષય :–** રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજદારશ્રી ભૂપેન્દ્ર રતિલાલ ચપટવાલાની અરજી બાબત.

**સંદર્ભઃ–**(૧) ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીએ તા.૦૪–૦૧–૨૦૧૮ના રોજ નોંધાયેલ અરજદારશ્રીની તા.૩૦–૧૨–૨૦૧૭ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૨૮। , તા.૦૪/૦૧/૨૦૧૮. .

(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૩૦, તા.૧૯/૦૧/૨૦૧૮.

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૩૧, તા.૧૯/૦૧/૨૦૧૮.

(૪) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૭૮, તા.૧૫/૦૨/૨૦૧૮.

(૫) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૯૦, તા.૨૧/૦૪/૨૦૧૮.

(૬) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૧૧, તા.૦૩/૦૫/૨૦૧૮.

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી ભૂપેન્દ્ર રતિલાલ ચપટવાલાની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની અપીલ અરજી ઈ.નં.ટીપીડી/આરટીઆઈ/૨૮। તા.૦૪/૦૧/૨૦૧૮ થી ટાઉન પ્લાનીંગ વિભાગમાં, જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)ના પત્ર નં.સી./એફ.એ.પી./૪૩, તા.૦૩/૦૧/૨૦૧૮ થી મળેલ. અરજદારશ્રીની અરજીમાં માંગેલ વિગતો અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્રથી ઉપલબ્ધ રેકર્ડની નકલ મેળવવા જરૂરી નાણા ભરપાઈ કરવા બાબતે અરજદારશ્રીને જણાવેલ તથા સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારશ્રીની અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.(૪) તથા (૬) ની માહિતી માટે અંશતઃ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી,સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા તા.૧૨/૦૨/૨૦૧૮ ના રોજ સંદર્ભ(૧) હેઠળના પત્ર અન્વયે માંગેલ નકલની નકલ ફી ભરપાઈ કરવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રીને નકલ પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રીની સંદર્ભ(૧) હેઠળની અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ

અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી તા.૨૭/૦૪/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ હીયરીંગમાં હાજર રહેવા માટે બોલાવવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હતા. જેથી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૬) હેઠળના પત્રથી તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ફરીથી રૂબરૂ હીયરીંગ માટે બોલાવવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હતા.

**હુકમ :–**

રાઈટ–ટુ–ઈર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૫૦૪/ડી/૮૮૮૯, તા.૨૩/૦૨/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ભુપેન્દ્ર રતિલાલ ચપટવાલા ધ્વારા કરવામાં આવેલ તા. તા.૩૦/૧૨/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ બાબતમાં તા.૨૭/૦૪/૨૦૧૮ તથા તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખને રૂબરૂ હીયરીંગ માટે બોલાવવામાં આવેલ. જેમાં જાહેર અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી બંને વખત હાજર રહેલ ન હતા. તથા આ અંગે લેખિતમાં વધુ કોઈ રજૂઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખ ધ્વારા અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતી/નકલ પાઠવેલ હોવાની સ્પષ્ટતા/રજુઆત કરવામાં આવેલ. જે ધ્યાને લેતાં, અરજદારશ્રી ભુપેન્દ્ર રતિલાલા ચપટવાલાની પ્રથમ અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ) શ્રી જયદીપ પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રી ભુપેન્દ્ર રતિલાલા ચપટવાલાની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર– ૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**શહેર વિકાસ અધિકારી**

**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી ભુપેન્દ્રભાઈ રતિલાલ ચપટવાલા**
**એ/૫૦૪, માણેક રેસીડેન્સી,**
**સુભાષ ગાર્ડન પાસે, રાંદેર રોડ,**
**સુરત.**
**મોઃ– ૮૪૦૧૬૩૩૩૮૬**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

**મનિષ ડોકટર**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**સુરત મહાનગરપાલિકા,**
**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

RIGHT TO INFORMATION

| **પ્રથમ અપીલ હુકમ નં.** |
|---|
| **Dt: - - 2018** |
| |

**અપીલ અરજી: તા.૨૨/૦૧/૨૦૧૮**

**અરજદાર : વિમલભાઈ આંબાભાઈ જેસડિયા**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ) તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય :–** રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજદારશ્રી વિમલભાઈ આંબાભાઈ જેસડિયાની અરજી બાબત.

**સંદર્ભ** (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૪/૧૧/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં.૧૭૬૮ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૪૩૭, તા.૨૧/૧૧/૨૦૧૭.

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૪૩૮, તા.૨૧/૧૧/૨૦૧૭.

(૪) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૪૩૯, તા.૨૧/૧૧/૨૦૧૭.

(૫)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીનો પત્ર નં.ટીડીઓ/૬૮૬,તા.૧૧/૧૨/૨૦૧૭.

(૬) અરજદારશ્રીની તા.૧૪/૧૨/૨૦૧૭ ની અરજી .

(૭) અરજદારશ્રીની ઈ.નં.ટીપીડી/આરટીઆઈ/૨૯૧, તા.૨૨/૦૧/૨૦૧૮ થી નોંધાયેલ પ્રથમ અપીલ અરજી.

(૮)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૩૯, તા.૨૪/૦૧/૨૦૧૮.

(૯) અરજદારશ્રીની તા.૦૯/૦૨/૨૦૧૮ અપીલ તબદીલ કરવા અંગેની રજૂઆત.

(૧૦)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૫૧, તા.૧૭/૦૨/૨૦૧૮

(પ્રથમ હીયરીંગમાં હાજર રહેવા બાબત).

(૧૧) અરજદારશ્રીની તા.૨૧/૦૨/૨૦૧૮ નો પત્ર.

(પ્રથમ હીયરીંગમાં ગેર હાજર રહેવા બાબતની રજૂઆત)

(૧૨)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૮૧,તા.૨૬/૦૨/૨૦૧૮

(બીજા હીયરીંગમાં હાજર રહેવા બાબત).

(૧૩)જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી)નો પત્ર નં.ટીપીડી/ આર.ટી.આઈ./આ/૬૦૮, તા.૦૩/૦૩/૨૦૧૮.

(૧૪)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૪૧,તા.૧૯/૦૩/૨૦૧૮

(બીજા હીયરીંગમાં હાજર રહેવા બાબત).

(૧૫) અરજદારશ્રીની તા.૨૨/૦૩/૨૦૧૮ નો પત્ર.

(બીજા હીયરીંગમાં ગેર હાજર રહેવા બાબતની રજૂઆત).

(૧૬)ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૭૧,તા.૨૬/૦૩/૨૦૧૮

(ત્રીજા હીયરીંગમાં હાજર રહેવા બાબત).

(૧૭) અરજદારશ્રીની તા.૦૨/૦૪/૨૦૧૮નો પત્ર.

(ત્રીજા હીયરીંગમાં ગેર હાજર રહેવા બાબતની રજૂઆત).

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી વિમલભાઈ આંબાભાઈ જેસડીયાની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૧૭૬૮, તા.૧૪/૧૧/૨૦૧૭ થી માહિતી માંગતી અરજી ઈ.નં.ટીપીડી/આરટીઆઈ/૨૩૪, તા.૧૬/૧૧/૨૦૧૭ થી ટાઉન પ્લાનીંગ વિભાગમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) શ્રી જયદીપ પરીખને મળેલ. સદર અરજીની વિગતો જોતા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ)શ્રી જયદીપ પરીખે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ ૯(નવ) મુદ્દાની માહિતી પૈકી મુદ્દા નં.(૮) અને (૯) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, કતારગામ ઝોન, મુદ્દા નં.(૧) અને (૨) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) શ્રી મીનાબેન ગજ્જર તથા સંપૂર્ણ માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.ટાઉન પ્લાનરશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા)ના કાર્યક્ષેત્રને સ્પર્શતી હોવાનું જણાતા અનુક્રમે સંદર્ભ (૨),(૩) તથા (૪) હેઠળના પત્રથી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) શ્રી મીનાબેન ગજ્જર ધ્વારા અરજીના મુદ્દા નં.(૧) અન્વયેની માહિતી માટે સંદર્ભ (૧૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને વિના મૂલ્યે નકલ પાઠવવામાં આવેલ તેમજ અરજીના મુદ્દા નં.(૨) અન્વયેની માહિતી માટે સંદર્ભ (૧૩) હેઠળના પત્રથી અંશતઃ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ) શ્રી જયદીપ પરીખ પ્રતિ ફેર તબદીલ કરવામાં આવેલ.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૬) હેઠળની અરજીથી જણાવ્યા મુજબ માંગ્યા મુજબની માહિતી પ્રથમ અરજીની તારીખથી એક માસમાં માહિતી અરજદારશ્રીને મળેલ ન હોય, ત્રીસ દિવસની સમયમર્યાદા પુર્ણ થયેથી અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ અરજી કરનાર હોવાનું જણાવેલ, ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ના પત્ર નં.ટીડીઓ/૭૧૮, તા.૦૩/૦૧/૨૦૧૮ થી અરજીના મુદ્દા નં.(૮) માટે મધ્યસ્થ કચેરી અને મુદ્દા નં.(૯) માટે કતારગામ ઝોનને તબદીલ કરેલ હોવા બાબતે તથા મુદ્દા નં. (૧) થી (૭) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ એ તેમને મળેલ તા.૨૦/૧૨/૨૦૧૭ થી ૩૦ (ત્રીસ) દિવસમાં આપેલ ન હોવાનું જણાવી અપીલ કરેલ.

આમ, સદર અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ને લાગતી ન હોવાથી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ) શ્રી જયદીપ પરીખ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને સંદર્ભ (૮) હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૯) હેઠળના પત્રથી અપીલ તબદીલ કરવા બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રીને રજુઆત કરવામાં આવેલ તેમજ સદર પત્રની નકલ અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ પાઠવેલ, જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ ૫:૦૦ વાગ્યે રૂબરૂ હીયરીંગમાં બોલાવવા માટે હુકમ

કરેલ. જે અન્વયે સંદર્ભ(૧૦) હેઠળના પત્રથી અરજદારશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ), શ્રી જયદીપ પરીખ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી), શ્રી મીનાબેન ગજજરને રૂબરૂ સુનાવણી માટે તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે બોલાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧૧) હેઠળના પત્રથી અનિવાર્ય કારણોસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહી શકે તેમ નથી એવું જણાવવામાં આવેલ, ત્યારબાદ અરજદારશ્રીના સંદર્ભ(૧૧) હેઠળના પત્ર અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ફરીથી હીયરીંગ માટે તા.૦૩/૦૩/૨૦૧૮ ના રોજ ૫:૦૦ વાગ્યે બોલાવવા માટે હુકમ કરેલ. જે અન્વયે અરજદારશ્રીને સંદર્ભ (૧૨) હેઠળના પત્રથી જણાવેલ જેમાં શરતચુકથી અરજદારશ્રીને પાઠવેલ નકલમાં સમય અને તારીખ લખવાનું બાકી રહી ગયેલ. જેથી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ફરીથી હીયરીંગ માટે તા.૨૩/૦૩/૨૦૧૮ ના રોજ ૫:૦૦ વાગ્યે બોલાવવા માટે હુકમ કરેલ. જે અન્વયે સંદર્ભ (૧૪) હેઠળના પત્રથી અરજદારશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ) તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ને ફરીથી રૂબરૂ સુનાવણી માટે તા.૨૩/૦૩/૨૦૧૮ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે બોલાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર ન રહેલ તેમજ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૧૫) હેઠળના પત્રથી અપીલ અંગેની સુનાવણી એપ્રિલ મહિનામાં રાખવા બાબતે રજૂઆત કરેલ જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ફરીથી હીયરીંગ માટે તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ ૪:૩૦ વાગ્યે બોલાવવા માટે હુકમ કરેલ. જે અન્વયે સંદર્ભ (૧૬) હેઠળના પત્રથી અરજદારશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ) તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ને ત્રીજી વખત રૂબરૂ સુનાવણી માટે તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે બોલાવવામાં આવેલ.જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૧૭) હેઠળના પત્રથી તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ મુકરર કરેલ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી શકે તેમ નથી એવું જણાવેલ.

ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: **હુકમ** :–

રાઈટ–ટુ–ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૧૭૬૮, તા.૧૪/૧૧/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૨૨/૦૧/૨૦૧૮ના રોજની પ્રથમ અપીલ બાબતમાં તા.૨૨/૦૨/૨૦૧૮, તા.૨૩/૦૩/૨૦૧૮ તથા તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ નિયત કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી વિમલભાઈ આંબાભાઈ જેસડીયા હાજર રહેલ નથી. સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ) શ્રી જયદીપ એન.પરીખએ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલની વિગતો અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી તેઓના કાર્યક્ષેત્ર હેઠળની ન હોય, તા.૨૧/૧૧/૨૦૧૭ ના રોજ સંદર્ભ(૨) થી (૪) તથા (૮) હેઠળના પત્રથી લાગત વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટતા / રજુઆત કરેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) શ્રી મીનાબેન ગજજર ધ્વારા મુદ્દા નં.(૧) ની વિગતો અન્વયે વિનામૂલ્યે માહિતી/નકલો અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા / રજુઆત કરેલ છે. જેથી પ્રથમ અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી) શ્રી મીનાબેન ગજજર ધ્વારા અરજદારશ્રીની અરજીના મુદા નં.(૨) અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ)શ્રી જયદીપ પરીખને સંદર્ભ (૧૩) હેઠળના પત્રથી ફેર તબદીલ કરેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ) શ્રી જયદીપ પરીખ ધ્વારા અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવેલ ન હોય, સંદર્ભ (૧) હેઠળની અરજીના મુદ્દા નં.(૨) અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ઈ)શ્રી જયદીપ પરીખને દિન–૭ માં અરજદારશ્રીને પ્રત્યુત્તર / માહિતી વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે. વધુમાં, જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી) શ્રી

મીનાબેન ગજજરને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અંતર્ગત અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં મળી રહે તે સુનિશ્ચિત કરવા અંગત કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**શ્રી વિમલભાઈ આંબાભાઈ જેસડીયા**

**૩– ગોપાલધામ સોસાયટી,**

**આંબા તલાવડી, કતારગામ,**

**સુરત.**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

\L &

**મનિષ ડોકટર**

**શહેર વિકાસ અધિકારી**

**ટાઉન પ્લાનીંગ ખાતુ**

સુરત મહાનગરપાલિકા,

મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

RIGHT TO INFORMATION

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.** SMC/DTP/FAP/ /2016-17 |
| Dt: - - 2017 |
| |

**અપીલ અરજી : તા. ૦૧/૦૭/૨૦૧૭**

**અરજદાર : શ્રી અફસરખાન હમીદખાન પઠાણ**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણની આઈ.ડી.નં. ૨૦૩, તા.૦૫/૦૫/૨૦૧૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં. ૨૦૩. હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) અરજદારશ્રીની તા.૦૧/૦૭/૨૦૧૭ ની પ્રથમ અપીલ બાબત.

(૩) જાહેર માહિતી અધિકારીનો તા.૦૫/૦૭/૨૦૧૭ નો પત્રનં.ટીપીડી/આરટીઆઈ/આ/૧૮૬

(૪) અત્રેની કચેરીનો તા.૧૪/૦૭/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૧૯ (પ્રથમ અપીલ)

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયેની તા.૦૫/૦૫/૨૦૧૭ ની અરજી તા.૦૬/૦૫/૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) ધ્વારા સદર વિગતો અન્વયે અરજદારશ્રીને સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી બાબતે સંદર્ભ (૩) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માહિતી પૈસા ભર્યા બાદ પુરી પાડવા જણાવેલ તથા અરજદારશ્રી ધ્વારા જણાવ્યા મુજબના પૈસા ભરી તા.૧૯/૦૭/૨૦૧૭ના રોજ માહિતી મેળવેલ. પરંતુ તે પહેલાં સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૧૪/૦૭/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણ અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર હાજર ન રહેલ તથા જાહેર માહિતી

અધિકારી રૂબરૂ હાજર રહી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/વિગતો સંદર્ભ (૩) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ હતી તથા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળ પત્રથી જણાવ્યા મુજબ માંગવામાં આવેલ માહિતી મળી ગયેલ હોય સદર કરેલ અપીલ અરજી અન્વયે અપીલ અરજી રદ કરવા તા. ૧૯/૦૭/૨૦૧૭ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

આર.ટી.આઈ એકટના નમુના—ક ની અરજી આઈ.ડી.નં. ૨૦૩, તા.૦૫/૦૫/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૧/૦૭/૨૦૧૭ ની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણ તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદારશ્રીની માંગેલ માહિતી અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/વિગતો સંદર્ભ (૩) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાથી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ ની કલમ—૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર—૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી અફસરખાન હમીદખાન પઠાણ**
**ઘર નં. ૩૬૦૦, ૩૬૧૯, સાબરી ટ્રેડર્સ,**
**પાણીની ટાંકી પાસે, સર્કલ પાસે,**
**મોમીનાવાડ, ગોપીપુરા, સુરત.**

**નકલ રવાનાઃ—** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાનાઃ—** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાનાઃ—** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

P:\L & E\L & E REVISED ON DE. 14-03-2013\RIGHT TO INFORMATION\APEAL\FIRST APEEL-Z.SHAIKH.doc/171 28-7-17

**મનિષ ડોકટર**

**શહેર વિકાસ અધિકારી**

**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**સુરત મહાનગરપાલિકા,**

**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

RIGHT TO INFORMATION

| **પ્રથમ અપીલ હુકમ નં.** SMC/DTP/FAP/ /2016-17 |
| --- |
| Dt: - - 2017 |
| |

**અપીલ અરજી : તા. ૦૬/૦૯/૨૦૧૭**

**અરજદાર : શ્રી ધામેલીયા રાઘીકકુમાર જે.,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી ધામેલીયા રાઘીકકુમાર જે.ની આઈ.ડી.નં.૪૯૩, તા.૦૭/૦૭/૨૦૧૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં. ૪૯૩ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) અત્રેની કચેરીનો તા.૦૩/૦૮/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૨૪૩

(૩) અત્રેની કચેરીનો તા.૨૯/૦૮/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૨૮૧

(૪) અરજદારશ્રીની તા.૦૬/૦૯/૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી.

(૫) અત્રેની કચેરીનો તા.૨૨/૦૯/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩૫ (પ્રથમ અપીલ)

(૬) અત્રેની કચેરીનો તા.૦૫/૧૦/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩૬ (પ્રથમ અપીલ)

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી ધામેલીયા રાઘીકકુમાર જે. ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયેની તા.૦૭/૦૭/૨૦૧૭ ની અરજી તા.૩૧/૦૭/૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) ધ્વારા સદર વિગતો અન્વયે અરજદારશ્રીને સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી બાબતે સંદર્ભ (૨) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માહિતી પૈસા ભર્યા બાદ પુરી પાડવા જણાવેલ તથા અરજદારશ્રી ધ્વારા જણાવ્યા મુજબના પૈસા તા.૧૮/૦૮/૨૦૧૭ના રોજ ભરપાઈ કરેલ તથા તેની જાણ અત્રે તા.૨૨/૦૮/૨૦૧૭ ના રોજ થતા સંદર્ભ (૩) હેઠળના પત્રથી માહિતી પાઠવવામાં આવેલ. પરંતુ સંદર્ભ (૪) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી

ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૨૨/૦૯/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદરહુ તારીખે અને સમયે અરજદાર હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહેલ. જેથી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૫/૧૦/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૧૬/૦૯/૨૦૧૭ ના રોજ સાજે ૫:૦૦ કલાકે ફરીથી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અને સમયે અરજદાર હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને પાઠવી આપેલ હોવાનું જણાવેલ. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: <u>હુકમ</u> :—**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૪૯૩, તા.૦૭/૦૭/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલતા.૦૬/૦૯/૨૦૧૭ ની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદાર હાજર ન રહેલ હોય ફરીવાર તા.૧૬/૦૯/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને હાજર રહેવા જણાવેલ. પરતું ફરીવાર પણ અરજદાર હાજર રહેલ ન હતા તથા હાજર ન રહેવા બાબતે કોઈ રજુઆત પણ કરેલ નથી. જેથી તેઓને ઉકત અપીલ અંગે આપશ્રીએ કોઈ રજુઆત કરવાની નથી તેમ માનીને જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી ધામેલીયા રાધીકકુમાર જે.,**
**૧૬૪,નંનદનવન સોસાયટી–૧,**
**માતૃશકિત સોસાયટીની પાછળ,**
**પુણા ગામ, સુરત.**

**નકલ રવાના:**– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાના:**– આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાના:**– સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

P:\L & E\L & E REVISED ON DE. 14-03-2013\RIGHT TO INFORMATION\APEAL\FIRST APEEL-Z.SHAIKH.doc/177 18-10-17

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

સુરત મહાનગરપાલિકા,

મગલીસરા. સરત – ૩૯૫ ००૩

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. SMC/DTP/FAP/ /2015-16 Dt: - - 2016 |
|---|
| |

**અપીલ અરજી : તા.૨૫–૧૦–૨૦૧૭**
**વિવાદી : મદ્રાસી રમેશકુમાર એચ.,**
**૧૧,શાંતિ પટેલની ચાલ, જુના પેટ્રોલ પંપની સામે,**
**ગુરૂદ્વારા મંદિરની સામે, ઉધના,સુરત**
**પ્રતિવાદી : જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી(ઈ)**
**ટાઉન પ્લાનીંગ ખાતુ, સુરત મહાનગરપાલિકા,સુરત.**

**વિષયઃ**–(૧) અરજદાર શ્રી મદ્રાસી રમેશ એચ. ની તા.૦૫–૦૮–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં. ૫૯૩ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.
(૨) અત્રેની કચેરીનો તા.૨૭/૦૯/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩૫૩
(૩) અત્રેની કચેરીનો તા.૨૯/૦૯/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩૬૮
(૪) અરજદારશ્રીની તા.૨૫–૧૦–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૨૨૨બાબત.
(૫) અત્રેની કચેરીનો તા.૩૦/૧૦/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૪૦ (પ્રથમ અપીલ)

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી મદ્રાસી રમેશકુમાર એચ.ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયેની અરજી તા.૦૫/૦૮/૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં તા.૩૦/૦૮/૨૦૧૭ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) ધ્વારા અરજદારશ્રીને સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી બાબતે સંદર્ભ (૨) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માહિતી / નકલ રકમ/ફીઝ ભર્યા બાદ પુરી પાડવા જણાવેલ તથા અરજદારશ્રી ધ્વારા જણાવ્યા મુજબની રકમ/ ફીઝ ભરેલ હોય સંદર્ભ (૩) માહિતી પાઠવવામાં આવેલ. પરંતુ સંદર્ભ (૪) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી મદ્રાસી રમેશકુમાર એચ.અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૦૬/૧૧/૨૦૧૭ ના રોજ સાજે ૫.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા માટે જણાવવામાં આવેલ. સદર સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેમને મળેલ માહિતી ખોટી તેમજ અધુરી હોવાનું જણાવી, સંબંધીત તમામ માહિતી આપવા માટે જણાવવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) થી ઉપલબ્ધ રેકર્ડ મુજબ સાચી માહિતી / નકલ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળની અપીલ અરજી અન્વયે ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચેની વિગતોએ આથી હુકમ કરવામાં આવે છે.

–: **હુકમ** :–

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૫૯૩, તા.૦૫/૦૮/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૨૫/૧૦/૨૦૧૭ ની પ્રથમ અપીલમાં રૂબરૂ સુનાવણી માટે તા.૦૬/૧૧/૨૦૧૭ ના રોજ

નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી મદ્રાસી રમેશકુમાર એચ. તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખે હાજર રહી કરેલ રજુઆત/ સ્પષ્ટતા ધ્યાને લેતાં, જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી સંલગ્ન ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ તમામ રેકર્ડ/માહિતીનું દીન–૭માં અરજદારશ્રીને નિયમોનુસાર રેકર્ડ નિરીક્ષણ કરાવી જે સંદર્ભે અરજદારશ્રીને જરૂરી માહિતી તાકીદે ઉપલબ્ધ કરાવવા હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**

**પ્રતિ,**
**શ્રી મદ્રાસી રમેશ એચ.,**
**૧૧,શાંતિ પટેલની ચાલ,**
**જુના પેટ્રોલ પંપની સામે,**
**ગુરૂદ્વારા મંદિરની સામે, ઉધના,સુરત**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) જે.એન.પરીખ પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

**મનિષ ડોકટર**

**શહેર વિકાસ અધિકારી**

**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**સુરત મહાનગરપાલિકા,**

**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. SMC/DTP/FAP/ /2018-19 |
|---|
| Dt: - - 2018 |
| |

**અપીલ અરજી : તા. ૧૮/૦૭/૨૦૧૭**

**અરજદાર : શ્રી શબ્બીર રહીમ ચાવાલા.,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય :–** રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજદારશ્રી શબ્બીર રહીમ ચાવાલાની અરજી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૮/૦૭/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં. ૮૩૭ હેઠળની માહિતી માંગતી અરજી.
(૨) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૨૧૯, તા.૨૬/૦૭/૨૦૧૭.
(૩) અરજદારશ્રીની તા.૩૦/૧૦/૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી.
(૪) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/,૪૪I, તા.૨૬/૦૨/૨૦૧૮.
(૫) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૪૯ I ,તા.૨૮/૧૧/૨૦૧૭.

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી શબ્બીર રહીમ ચાવાલાની સંદર્ભ (૧) હેઠળની અરજી તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) ધ્વારા સદર અરજી અન્વયે અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પ્રશ્ન સ્વરૂપે હોય, રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવાની રહેતી નથી તેમ જણાવેલ, જે અન્વયે સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ)ને તા.૨૦/૧૧/૨૦૧૭ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદરહુ તારીખે અને સમયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(ઈ) રૂબરૂ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હતા જેથી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ)ને તા.૩૦/૧૧/૨૦૧૭ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા ફરીથી જણાવવામાં આવેલ પરંતુ સદર તારીખે અને સમયે પણ અરજદારશ્રી હાજર રહેલ ન હતા તથા હાજર ન રહેવા બાબતે કોઈ રજુઆત પણ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) રૂબરૂ હાજર રહેલ અને તેઓ ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૨) હેઠળના પત્રથી પ્રત્યુત્તર પાઠવી આપેલ હોવાનું જણાવેલ છે. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

અરજદારશ્રી શબ્બીર રહીમ ચાવાલા ધ્વારા આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૮૩૭, તા.૧૮/૦૭/૨૦૧૭ની અરજી અન્વયે તા.૩૦/૧૦/૨૦૧૭ થી કરેલ પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે

સંદર્ભ(૪) તથા (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી શબ્બીર રહીમ ચાવાલા તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ), શ્રી જયદીપ એન.પરીખને હાજર રહેવા જણાવેલ પરંતુ અરજદારશ્રી બન્ને વખત હાજર રહેલ ન હતા તથા હાજર ન રહેવા બાબતે કોઈ રજુઆત પણ કરેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) રૂબરૂ હાજર રહેલ અને તેઓ ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૨) હેઠળના પત્રથી પ્રત્યુત્તર પાઠવી આપેલ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતા, અરજદારશ્રીને ઉકત અપીલ અંગે કોઈ રજુઆત કરવાની નથી તેમ માની જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી શબ્બીર રહીમ ચાવાલા,**
**અનુપમ એપાર્ટમેન્ટ–બ, પહેલો માળ,**
**નાણાવટ શાળાની સામે, ચોક બજાર,**
**ભાગાતલાવ, સુરત.**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

સુરત મહાનગરપાલિકા,

મગલીસરા. સરત – ૩૯૫ ૦૦૩

RIGHT TO INFORMATION

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.** |
| **SMC/DTP/FAP/ /2017-18** |
| |

**અપીલ અરજી : તા. ૧૫–૦૪–૨૦૧૭**

**અરજદાર : શ્રી સાગર જી. માંગુકીયા,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સાગર જી. માંગુકીયા ની આઈ.ડી.નં.૨૧૩૩, તા.૦૭/૦૧/૨૦૧૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–**(૧) અરજદારશ્રીની આઈ.ડી.નં. ૨૧૩૩, તા.૦૭/૦૧/૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) જાહેર માહિતી અધિકારીનો તા.૦૬/૦૨/૨૦૧૭ નો પત્રનં.ટીપીડી/આરટીઆઈ/આ/૮૬૩

(૩) અરજદારશ્રીની અપીલ અરજી તા.૧૫/૦૪/૨૦૧૭.

(૪) અત્રેની કચેરીનો તા.૧૭/૦૪/૨૦૧૭ નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૨૨ (પ્રથમ અપીલ)

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી સાગર જી. માંગુકીયા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયેની તા.૦૭/૦૧/૨૦૧૭ ની અરજી તા.૧૭/૦૧/૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર તા.૦૬/૦૨/૨૦૧૭ના રોજ પાઠવવામાં આવેલ છે પરંતુ સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૧૭/૦૪/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી સાગર જી. માંગુકીયા અને જાહેર માહિતી અધિકારીશ્રી (ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ)) ને તા.૨૧/૦૪/૨૦૧૭ ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા માટે જણાવવામાં આવેલ પરંતુ સદર તારીખના રોજ સુનવણી શકય ન બનતા તા.૨૫/૦૪/૨૦૧૭ના રોજ સુનવણી થયેલ. સદર સુનાવણી દરમ્યાન અરજદારશ્રી સાગર જી. માંગુકીયા ધ્વારા તેમને માહિતી નહિ મળેલ હોવાનું જણાવી, સંબંધીત તમામ માહિતી આપવા માટે જણાવવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ઈ) ધ્વારા અરજદારશ્રીની તા.૦૭/૦૧/૨૦૧૭ ની અરજીમાં માંગેલ વિગતો અન્વયે સ્પષ્ટતા કરતા જણાવેલ કે,ડ્રા ટી.પી.સ્કીમનં.૫૧(ડભોલી)ની મુળ ફાઈલ હાઈકોર્ટ પ્રકરણની કામગીરી સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટમાં સુરત મહાનગર પાલિકાના નિયુકત એડવોકેટશ્રી પાસે હોવાથી જે તે સમયે અરજદારશ્રીને તેઓની માંગણી મુજબની માહિતી / નકલો,સદર મૂળ ફાઈલ

ટાઉન પ્લાનીંગ ખાતામાં પરત મળ્યેથી આપી શકાશે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે પરંતુ સદર જે ફાઈલ હાલમાં જ તા.૧૫/૦૪/૧૭ના રોજ એડવોકેટશ્રી તરફથી ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીને પરત મળેલ હોવાથી હવે સદર ફાઈલમાં ઉપ્લબ્ધ માહિતી/નકલ તેઓ તરફથી આપી શકાય તેમ છે.

**–: હુકમ :–**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૨૧૩૩, તા.૦૭/૦૧/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૧૫/૦૪/૨૦૧૭ ની પ્રથમ અપીલ અન્વયે તા.૨૫/૦૪/૨૦૧૭ના રોજની રૂબરૂ સુનવણીમાં અરજદારશ્રી સાગર જી. માંગુકીયા અનેજાહેર માહિતી અધિકારીશ્રી (ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ)), શ્રી જયદીપ એન.પરીખ હાજર રહેલ છે. અરજદારશ્રી ધ્વારા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ મોજેઃ ડભોલી, તા.કતારગામ, જી. સુરતના બ્લોક નં.૧૩૪ વાળી જમીનની જમીન માલિક ધ્વારા સુરત મહાનગરપાલિકાને જે તે સમયે કબ્જો સુપ્રત કરેલ હોય તેવા તમામ ઓથોરાઈઝડ પેપરોની નકલ આપવા રજૂઆત કરેલ છે.જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે.એન પરીખ દ્વારા આ પ્રકરણની ફાઈલ તાજેતરમાં જ તા.૧૫/૦૪/૧૭થી એડવોકેટશ્રી પાસેથી ટાઉન પ્લાનીંગ ખાતાને પરત મળેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે જે ધ્યાને લેતા અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી/નકલો સબંધી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ/માહિતી અરજદારશ્રીને દીન–૭ માં નિયમોનુસાર પુરી પાડવા તથા અરજદારશ્રીને નિયમોનુસાર રેકર્ડ નિરીક્ષણ આપી રેકર્ડ નિરીક્ષણમાં અરજદારશ્રીને જે માહિતી/નકલની જરૂરિયાત જણાય તે પણ નિયમોનુસાર ઉપલબ્ધ કરાવવા જાહેર માહિતી અધિકારીશ્રી (ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ઈ)), શ્રી જયદીપ એન.પરીખને હુકમ કરવામાં આવે છે. વધુમાં, આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવતી માહિતી સંદર્ભે અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં માહિતી/પ્રત્યુત્તર મળી રહે તે માટે સુનિશ્ચિત કરવા ખાસ તકેદારી રાખવા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે.એન પરીખને તાકીદ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી સાગર જી. માંગુકીયા**
**૩૮, અક્ષરદીપ સોસાયટી,**
**વેડ રોડ, સુરત.**
**મો.નં.૯૩૭૭૭ ૪૪૬૩૩**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) જે.એન.પરીખ પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

સુરત મહાનગરપાલિકા,

મગલીસરા. સરત – ૩૯૫ ૦૦૩

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| SMC/DTP/FAP/ /2018-19 |
| Dt: - - 2018 |
| |

**અપીલ અરજી : તા. ૦૬/૦૩/૨૦૧૮**

**અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા,**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) શ્રી એસ.ડી.બંગલાવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય :**– રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની અરજી બાબત.

**સંદર્ભ:**– (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજની અરજી આઈ.ડી.નં. ૨૨૪૧ હેઠળની માહિતી માંગતી અરજી.

(૨) અરજદારશ્રીની તા.૦૬/૦૩/૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/,૬૨ I, તા.૧૫/૦૩/૨૦૧૮.

**અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની સંદર્ભ (૧) હેઠળની અરજી તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ) શ્રી એસ.ડી.બંગલાવાલાને પ્રાપ્ત થયેલ. જે અરજી અન્વયે અરજદારશ્રીને પ્રત્યુતર/માહિતી મળેલ ન હોવાથી, સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ)ને તા.૧૬/૦૩/૨૦૧૮ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદરહું તારીખે અને સમયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(એ), એસ.ડી.બંગલાવાલા રજાપર હોવાથી મદદનીશ જહેર માહિતી અધિકારીશ્રી અને આસી.ઈજનેરશ્રી, અમર ચેવલી હાજર રહેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(એ) ની ગેર હાજરીને કારણે સુનાવણી માટે તેઓને વધુ એક તક મળી રહે તે માટે અન્ય સમય અને તારીખ ફાળવવા બાબતે પ્રસ્તાવના કરવામાં આવેલ પરંતુ અરજદારશ્રી ધ્વારા સુનાવણી માટે અન્ય તારીખ અને સમય અંગે અસંમતિ દર્શાવી તેઓની મીહતી મેળવવા અંગેની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રી(એ), એસ.ડી.બંગલાવાલા ધ્વારા કોઈ માહિતી પુરી પાડવામાં આપેલ નહિ હોય સદર માહિતી પુરી પાડવા હુકમ થવા રજુઆત કરેલ છે. સુનાવણીમાં હાજર રહેલ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી. ઈજનેરશ્રી, અમર ચેવલી ધ્વારા અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે માહિતી/પ્રત્યુતર આપવામાં આવેલ ન હોવાનું સ્વીકારવામાં આવેલ છે. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: <u>હુકમ</u> :—**

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૨૨૪૧, તા.૧૭/૦૧/૨૦૧૮ની અરજી અન્વયે તા.૦૬/૦૩/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે સંદર્ભ(૩) હેઠળના પત્રથી, અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ), શ્રી એસ.ડી.બંગલાવાલાને હાજર રહેવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રી હાજર રહેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(એ), એસ.ડી.બંગલાવાલા રજાપર હોવાથી તેઓ તરફે મદદનીશ જહેર માહિતી અધિકારીશ્રી અને આસી.ઈજનેરશ્રી, અમર ચેવલી હાજર રહેલ છે. મદદનીશ જહેર માહિતી અધિકારીશ્રી અને આસી.ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીની તા. ૧૭/૦૧/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી સંદર્ભે કોઈ માહિતી /પ્રત્યુતર પાઠવવામાં આવેલ નહિ હોવાનું સ્વીકાર કરવામાં આવેલ છે.

જે ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (એ), શ્રી એસ.ડી.બંગલાવાલાને અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની માહિતી વિનામૂલ્યે દિન–૭ માં બિનચૂક પુરી પાડવા તથા આ પ્રકારે માહિતી માંગતી અરજી સંદર્ભે કોઈ માહિતી/ પ્રત્યુતર પુરી પાડવામાં આવેલ ન હોવાની બાબત ખૂબ ગંભીર હોય આ પ્રકારે ફરીથી ચૂક ન થાય તે અંગે અંગત કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી તલ્હા ચાંદીવાલા,**
**૧૨/૭૭૪,રાણીતળાવ, મોટી મસ્જીદની બાજુમાં,**
**સના બ્યુટીકની સામેની ગલીમાં,**
**સુરત.**

**નકલ રવાના:–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાના:–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાના:–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

| મનિષ ડોકટર<br>શહેર વિકાસ અધિકારી<br>ટાઉન પ્લાનીંગ ખાતુ | | સુરત મહાનગરપાલિકા,<br>મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩ |
|---|---|---|

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં.<br>SMC/DTP/FAP/ /2016-17 |
|---|
| Dt: - - 2017 |
| |

**અપીલ અરજી : તા.૧૪/૧૧/૨૦૧૭**

**અરજદાર : દિનેશભાઈ સી. ઠક્કર**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠક્કરની આઈ.ડી.નં. ૧૫૧૩, તા.૦૩–૧૦–૨૦૧૭ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧) અરજદારશ્રીની તા.૦૩–૧૦–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં. ૧૫૧૩ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) અરજદારશ્રીની તા.૧૪–૧૧–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૨૫ાબાબત.

(૩) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૩૦, તા.૧૭–૧૧–૨૦૧૭.

(૪) અરજદારશ્રીની તા.૧૮–૧૧–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૪૬ાબાબત.

(૫) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૪૨, તા.૨૪–૧૧–૨૦૧૭.

(૬) અરજદારશ્રીની તા.૨૯–૧૧–૨૦૧૭ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૨૫ારદ કરવાબાબતની અરજી.

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠક્કર ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયેની તા.૦૩–૧૦–૨૦૧૭ ની અરજી તા.૫–૧૦–૨૦૧૭ ના રોજ ટાઉન પ્લાનીંગ ખાતામાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જે. એન. પરીખને પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ) ધ્વારા સદર વિગતો અન્વયે અરજદારશ્રીને તેઓએ માંગેલ ત્રણ મુદ્દાની માહિતી પૈકી મુદ્દા નં.(૧) ની માહિતી બાબતે સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી બાબતે સંદર્ભ (૩) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માહિતી માટેની ફી ભર્યા બાદ પુરી પાડવા જણાવેલ તથા માંગેલ ત્રણ મુદ્દાની માહિતી

પૈકી મુદ્દા નં.(૨) અને (૩) ની માહિતી ડે. ઈજનેરશ્રી, અઠવા ઝોન ના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય તેઓ પ્રતિ આંશિક તબદીલ કરવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા જણાવ્યા મુજબની ફી ભરપાઈ કરવામાં આવેલ. જેથી અરજદારશ્રીને સંદર્ભ (૫) હેઠળના પત્રથી મુદ્દા નં.(૧) મુજબની માહિતી પાઠવવામાં આવેલ. પરંતુ તે પહેલાં સંદર્ભ (૨) હેઠળની અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રીને અપીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૧૮/૧૦/૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠક્કર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૨૪/૧૧/૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદાર હાજર ન રહેલ તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/વિગતો સંદર્ભ (૫) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ હતી તથા અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માંગવામાં આવેલ માહિતી તેઓને મળી ગયેલ હોય સદર કરેલ અપીલ અરજી રદ કરવા તા. ૨૯/૧૧/૨૦૧૭ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: <u>હુકમ</u> :—**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજીની આઈ.ડી.નં. ૧૫૧૩, તા.૦૩–૧૦–૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૧૪/૧૧/૨૦૧૭ ની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે તા.૨૪/૧૧/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠક્કર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદાર હાજર ન રહેલ તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/વિગતો સંદર્ભ (૫) હેઠળના પત્રથી પૂરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ હતી તેમજ અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળના પત્રથી જણાવ્યા મુજબ માંગવામાં આવેલ માહિતી તેઓને મળી ગયેલ હોય સદર કરેલ અપીલ અરજી રદ કરવા તા. ૨૯/૧૧/૨૦૧૭ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાજાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**શહેર વિકાસ અધિકારી**

**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**શ્રી દિનેશભાઈ સી. ઠક્કર**

**આર્શીવાદ,અલથાણ ટેનામેન્ટ,**

**ટેલિફોન એક્ષચેન્જની સામે,**

**ભટાર રોડ,સુરત.**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

P:\L & E\L & E REVISED ON DE. 14-03-2013\RIGHT TO INFORMATION\APEAL\FIRST APEEL-Z.SHAIKH.doc/130

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

ટાઉન પ્લાનીંગ ખાતુ

સુરત મહાનગરપાલિકા,

મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. SMC/DTP/FAP/ /2017-18 Dt: - -2017 |
|---|
| |

**અરજદાર: શ્રી નગીનભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ**

**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:**– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી નગીનભાઈ પ્રાગજીભાઈ ચૌહાણની આઈ.ડી.નં.૧૮, તા.૦૪/૦૪/૧૭ થી માંગેલ માહિતી પ્રથમ અપીલ દફતરે કરવા બાબત.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની ઉપરોકત વિષય બાબતેની સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી) ધ્વારા એમ.ટી.બી. કોલેજ તથા વી.ટી. ચોકસી લો કોલેજવાળી જમીન સુરત મહાનગરપાલિકાએ સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવેલ નથી તથા સાર્વજનિક એજયુકેશન સોસાયટીને ફાળવવામાં આવેલ જમીન બાબતે અધિકારીના નામની વિગતો આપવા રજુઆત કરેલ છે. જે માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી ન હોય, તે વિગતો અરજદારશ્રીને આપવાની રહેતી નથી. વધુમાં સાર્વજનિક એજયુકેશનને ફાળવવામાં આવે ટી.પી.સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ના ફા.પ્લોટ નં.એમ–૨ વાળી જમીનના ભાડાપટો રીન્યુ કરવા બાબતે સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના નિર્ણય અર્થે દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. જે દરખાસ્તવાળી મૂળ ફાઈલ હજુ સુધી અત્રે મળેલ નથી. જે ફાઈલ પરત આવ્યેથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકીની માહિતીની વ્યાખ્યા/ફલકમાં આવતી માહિતી અરજદારશ્રીને પુરી પાડી શકાશે, તે મુજબની જાણ અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના પત્રથી કરવામાં આવેલ છે.

અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અરજી કરેલ છે. સદરહું અપીલ અરજીમાં અરજદારશ્રીએ અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે :

" આર.ટી.આઈ એકટ–૨૦૦૫ ના નમુના–ક નો ભંગ–અવમાન અને અપમાન કરેલ અને માંગેલ માહિતી આપવા નિષ્ફળ ગયા છે."

**–: હુકમ :–**

અરજદારશ્રીની સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૫/૦૩/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તેમજ સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૧૮/૦૩/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અપીલ અધિકારીશ્રી સમક્ષ મુળ અરજીની નકલ / રેકર્ડ / દસ્તાવેજી પુરાવા સહિત હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારશ્રી મુકરર કરેલ સમયે અને તારીખે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ નથી કે અત્રેની કચેરીએ હાજર ન રહેવા અંગે લેખીતમાં કોઈ રજુઆત કરેલ જેથી અરજદારશ્રીએ ઉકત અપીલ અંગે કોઈ રજુઆત કરવાની નથી તેમ માનીને સંદર્ભ (૩) હેઠળની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**પ્રતિ**
**શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ,**
**કુંભારવાડા પાસે,**
**સુરત–૩.**

નકલ રવાના :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (બી).....પ્રતિ જાણ તથા અમલ સારૂ.

નકલ રવાના :– આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.

નકલ રવાના :– સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.




Ph: 2423751-55, Ext.NO:257 Email:tdo@ Suratmunicipal.org

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

ટાઉન પ્લાનીંગ ખાતુ

સુરત મહાનગરપાલિકા,

મગલીસરા. સરત – ૩૯૫ ૦૦૩

| |
|---|
| FIRST APEEL<br>TOWN DEVLOPMENT OFFICER<br>SMC/DTP/FAP/NO./ 2017-18<br>Dt: -09-2017 |

**અપીલ અરજી૨૦૧૭/૦૮/૦૩:**
**અરજદારઃશ્રી અફસરખાન હમીદખાન પઠાણ,**
**સામાવાળાટાઉન ,બંગલાવાલા.ડી.એસ ,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર :**
**પ્લાનીંગ સુરત મહાનગરપાલિકા,વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– આર.ટી.આઈ. એકટ અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**– (૧) આર.ટી.આઈ. એકટ અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની આપશ્રીની અરજીના આઈ.ડી.નં. ૬૩૫(૩૦૦/૩૧૬૮૫), તા.૨૮/૦૬/૨૦૧૭.
(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાનો પત્ર નં. સીસીસી/ સી.ઝેડ./ આર.ટી.આઈ./ આઉટ ૬૩૫, તા.૨૯/૦૬/૨૦૧૭.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૩૨, તા.૨૯/૦૭/૨૦૧૭.
(૪) આપશ્રીની અપીલ અરજી તા.૦૩/૦૮/૨૦૧૭
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૬૬, તા.૧૧/૦૮/૨૦૧૭.
(૬)અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૬I, તા.૧૬/૦૮/૨૦૧૭.
(૭)અરજદારશ્રીનો તા.૧૫/૦૮/૨૦૧૭ નો પત્ર.

અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગવા માટેની અરજી સંદર્ભ(૨) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએ તબદીલ કરવામાં આવેલ. જે ઈનવર્ડ નં.૧૦૧, ટી.પી.ડી.આરટી.આઈ., તા.૨૯/૦૬/૨૦૧૭થી જાહેર માહિતી અધિકારી ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)ને પ્રાપ્ત થયેલ.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) શ્રી એસ.ડી.બંગલાવાલા દ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીની તા.૨૮/૦૬/૨૦૧૭ ની અરજીથી માંગેલ માહિતી નિયત ફી ભરપાઈ કરી મેળવવા જણાવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે તબદીલ થઈ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/ઈ.નં.૧૫I, તા.૧૩/૦૬/૨૦૧૭ થી નોંધાયેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) શ્રી એસ.ડી.બંગલાવાલા દ્વારા અરજદારશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી નિયત ફી ભરપાઈ કરવા જણાવતા, અરજદારશ્રી ધ્વારા રસીદ નં.૩૧૧૭૫૦, તા.૦૪/૦૮/૨૦૧૭ થી રૂા.૧૨૪/– સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી ને માહિતી પુરી પાડવામાં આવેલ.જે અન્વયે અરજદારશ્રીને તમામ માહિતી મળી ગયેલ હોવાનું સંદર્ભ (૭) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રીઅફસરખાન હમીદખાન પઠાણ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) શ્રી એસ.ડી.બંગલાવાલાને તા.૧૮/૦૮/૨૦૧૭ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી

અફસરખાન હમીદખાન પઠાણ હાજર રહેલ ન હતાં. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) એ સુનાવણીમાં હાજર રહી તેઓશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજી અન્વયે તમામ કાર્યવાહી કરેલ હોવાનું તથા સંદર્ભ (૩), સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી/ નકલ આપવામાં આવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી ૬૩૫, તા.૨૮/૦૬/૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૩/૦૮/૨૦૧૭ના રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી અફસરખાન હમીદખાન પઠાણ હાજર રહેલ નથી તથા સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)શ્રી એસ.ડી.બંગલાવાલાએ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલની વિગતો અન્વયે તેઓનેસંદર્ભ (૩) તથા સંદર્ભ (૫) હેઠળના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર/ માહિતી યોગ્ય હોવાની સ્પષ્ટતા/રજુઆત કરેલ છે. વધુમાં, અરજદારશ્રીને તમામ માહિતી મળી ગયેલ હોવાનું સંદર્ભ (૭) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ છે. જેથી પ્રથમ અપીલ અરજી સંદર્ભેજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)શ્રી એસ.ડી.બંગલાવાલા ને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી અફસરખાન હમીદખાન પઠાણ,**
**વોર્ડ નં.૦૨, ઘર નં.૩૬૧૯,સાબરી ટ્રેડર્સ,**
**સાબરી પેલેસ, ખ્વાજાદાના,**
**રૂદરપુરા ન્યુરોડ,મોમનાવાડ,ગોપીપુરા, સુરત.**

**નકલ રવાના:–** (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ), ટાઉન પ્લાનીંગ ખાતુ પ્રતિ, જાણ તથા અમલ સારૂ.
(૨)સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા ........ પ્રતિ જાણ સારૂ.

d\Town Planning Dept\Personal\AMARBHAI\RTI.docx./82

| |
|---|
| FIRST APEAL<br>TOWN PLANNER -B<br>SMC/TPD/NO.<br>Dt: -04-17 |

**અરજદાર:** **શ્રી કુણાલ હરીશભાઈ સુર્યવંશી,**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ),(જી),(એચ), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષયઃ**– આઈ.ડી. નં. ૧૧૨૬ ની માહિતી .

**સંદર્ભઃ**–(૧) અરજદાર શ્રી કુણાલ હરીશભાઈ સુર્યવંશી ની, તા.૦૯–૦૩–૧૭ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૧૨૬)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજ.સાઉથ ઝોન(ઉધના)નો નં.સા.ઝોન/ટેક/૧૩૭૫ ,તા.૧૦–૦૩–૧૭ નો પત્ર.
(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)(જી)(એચ)ના તા.૦૧–૦૪–૧૭નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૧.
(૪)અરજદારશ્રીની તા.૦૪–૦૪–૧૭ ની પ્રથમ અપીલ ઈ.નં./૧ I/૦૬–૦૪–૧૭.
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ/૧I , તા.૧૦–૦૪–૨૦૧૭.

અરજદાર શ્રી કુણાલ હરીશભાઈ સુર્યવંશી ની, ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીગ વિભાગને તા.૧૫–૦૩–૧૭ અને તા.૧૮–૦૩–૧૭ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજ.સાઉથ ઝોન(ઉધના)નો, નં.સા.ઝોન/ટેક/૧૩૭૫ ,તા.૧૦–૦૩–૧૭ નો પત્ર. ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)(જી)(એચ) તા.૦૧–૦૪–૧૭ ના રોજ સંદર્ભ (૩) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૪) હેઠળ અરજદારે તા.૦૪–૦૪–૨૦૧૭ના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ છે જે તા.૦૬–૦૪–૧૭ ના રોજ તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૫–૦૪–૧૭ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૦૯–૦૩–૨૦૧૭ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૧૨૬ અન્વયેની માહિતી સંતોષકારક પુરી પાડવામાં આવી નથી.

તા.૧૫–૦૪–૧૭ ના રોજ અરજદાર શ્રી કુણાલ હરીશભાઈ સુર્યવંશી હાજર રહેલ નહી. તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ)(જી)(એચ) સુનાવણીમાં હાજર રહેલ.

**<u>હુકમ</u> :–**

આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૧૨૬ અન્વયે મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને લગતી ન હોય, જેથી માંગેલ માહિતી અત્રેના રેકર્ડ પર નથી. તે મુજબનો જવાબ ટીપીડી/આ/૧, તા.૦૧–૦૪–૧૭ થી કરવામાં આવેલ છે. તા.૧૫–૦૪–૧૭ ની સુનાવણી દરમિયાન અરજદાર હાજર રહેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા આપવામાં આવેલ પ્રત્યુતરને ગ્રાહય રાખી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ**
**શ્રી કુણાલ હરીશભાઈ સુર્યવંશી,**
**૩૫૧, કાશીનગર સોસા.,**
**૧૨૦ ફુટ બમરોલી રોડ,**
**ઉધના,સુરત–૩૯૪૨૧૦.**

**નકલ રવાનાઃ**– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)(જી)(એચ) પ્રતિ .. જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ**– આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાનાઃ**– સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

PERSONAL/SO/RTI/HUKAM/60

| |
|---|
| **FIRST APEEL** |
| **TOWN DEVLOPMENT OFFICER** |
| **SMC/DTP/FAP/NO./ 2016-17** |
| **Dt: - -2017** |

**અપીલ અરજી :** તા. ૦૬–૦૬–૨૦૧૭

**અરજદાર :** શ્રી અંકિત એચ.સોલંકી

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), શ્રી મીના એમ. ગજજર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી અંકિત એચ.સોલંકી ની તા.૧૭–૦૩–૨૦૧૭ ના રોજની અરજી આઇ.ડી.નં.૩૩૮૧ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રી અંકિત એચ. સોલંકીની સુડા કચેરી ને કરેલ રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળનીતા.૧૭/૦૩/૧૭ ના રોજની અરજી આઈ. ડી. નં.૩૩૮૧

(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી, ટેકનીકલ શાખા, સુરત શહેર વિકાસ સત્તા મંડળ ના પત્ર નં.સુડા/યુ–૩/આઈ.ડી.નં.૩૩૮૧/૨૩૭૧, તા.૧૮/૦૩/૨૦૧૭.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, શહેર વિકાસ (મધ્યસ્થ) વિભાગનો પત્ર નં. ટીડીઓ/૧૦૬૪, તા.૨૨/૦૩/૨૦૧૭

(૪) અત્રેની કચેરીના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩, તા.૦૪/૦૪/૨૦૧૭

(૫) જાહેર માહિતી અને જુનિયર નગર નિયોજકશ્રી, નગર રચના અને મૂલ્યાકંન ખાતાનો પત્ર નં.આરટીઆઈ/આઈડી નં.૨/૨૪૯ તા.૨૫/૦૪/૨૦૧૭

(૬) જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૧૨૬, તા.૧૯/૦૫/૨૦૧૭

(૭) અરજદારશ્રીનો તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર

(૮) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૧૪૬, તા.૦૨/૦૬/૨૦૧૭.

(૯) અરજદારશ્રીની તા.૦૬/૦૬/૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી

(૧૦) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૩I , તા.૧૯/૦૬/૨૦૧૭.

(૧૧) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૬I, તા.૦૩/૦૭/૨૦૧૭.

અરજદારશ્રી અંકિત એચ.સોલંકી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી, સુડાને કરેલ. જે તેઓ ધ્વારા તા.૧૮/૦૩/૨૦૧૭ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને શહેરી વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરેલ જે સંદર્ભ (૩) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએ તબદીલ કરવામાં આવેલ. જે તા.૨૪/૦૩/૨૦૧૭રોજના ટીપીડી/આરટીઆઈ/ઈ.નં.૪૫૯ થી ટાઉન પ્લાનીંગ વિભાગમાં નોંધાયેલ જે ટાઉન પ્લાનીંગ વિભાગના સંબંધિત તમામ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીઓ ને મોકલાવવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ના કાર્યક્ષેત્ર હેઠળના સદર અરજીથી માંગેલ માહિતીના અનું. નં. (૩) ની વિગતો અન્વયે સંદર્ભ(૪)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજના,એકમ–૧૦ ને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને જુનીયર નગર નિયોજકશ્રી, નગર રચના અને મૂલ્યાકંન ખાતાના સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની અરજીના અનું.નં.(૩) ધ્વારા માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકા કક્ષાએ હોય તો માહિતી પુરી પાડવા અત્રે તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી(ડી) ધ્વારા અરજદારશ્રીની સંદર્ભ (૧)

હેઠળની અરજીના મુદ્દા નં.૩ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારશ્રીને પાઠવવાની થતી માહિતી અન્વયે જરૂરી ફી/ચાર્જ ભરપાઈ કર્યેથી અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગ માંથી મેળવી શકાશે તથા જરૂર જણાયે મુસદારૂપ નગર રચના યોજના નં.૨૬ (આભવા) અન્વયે અત્રેની કચેરીમાં ઉપલ્બધ રેકર્ડ દિન–૭ માં ચકાસણી કરવા અરજદારશ્રીને જણાવેલ, જે અન્વયે સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા જરૂરી ફી/ચાર્જ ભરપાઈ કરી તેની જાણ ટાઉન પ્લાનીંગ ખાતાને કરતાં સંદર્ભ(૮) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ, જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૯) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/ઈ.નં.૧૦I, તા.૦૮/૦૬/૧૭ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૧૦) હેઠળના તા.૧૯–૦૬–૨૦૧૭ ના પત્રથી અરજદારશ્રી અંકિત એચ. સોલંકી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ને તા.૨૦–૦૬–૨૦૧૭ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અંકિત એચ. સોલંકી હાજર રહેલ ન હતાં. જેથી અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે વધુ એક તક આપી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૧૧) હેઠળના પત્રથી અરજદારશ્રી અંકિત એચ. સોલંકી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) ને રૂબરૂ સુનાવણી માટે તા.૧૦–૦૭–૨૦૧૭ ના સાંજે ૦૫:૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદારશ્રી અંકિત એચ. સોલંકી હાજર રહેલ ન હતા. અરજદારશ્રીના તા.૦૭/૦૭/૨૦૧૭ના પત્રથી રેકર્ડ આધારીત વિગતોને આધારે અપીલનો નિકાલ કરવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) એ સુનાવણીમાં હાજર રહી તેઓશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજી અન્વયે તમામ કાર્યવાહી કરેલ હોવાનું તથા સંદર્ભ (૮) હેઠળના પત્રથી અરજદારશ્રીને માહિતી પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૩૩૮૧, તા.૧૭–૦૩–૨૦૧૭ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૬–૦૬–૨૦૧૭ રોજની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનવણી માટે તા.૨૦–૦૬–૨૦૧૭ તથા તા.૧૦–૦૭–૨૦૧૭ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી અંકિત એચ.સોલંકી હાજર રહેલ નથી.પરંતુ તા.૦૭/૦૭/૨૦૧૭ના પત્રથી રેકર્ડ આધારીત વિગતોને આધારે અપીલનો નિકાલ કરવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) એ સુનાવણીમાં હાજર રહી તેઓશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજી અન્વયે તમામ કાર્યવાહી કરેલ હોવાનું તથા સંદર્ભ (૮) હેઠળના પત્રથી પાઠવવામાં આવેલ માહિતી / પ્રત્યુત્તર યોગ્ય હોવાની સ્પષ્ટતા / રજુઆત કરેલ છે. પરંતુ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી તથા ત્યારબાદના પત્રવ્યવહાર ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ધ્વારા આપવામાં આવેલ માહિતી / નકલોમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ ચોકકસ બાબતોની સંપૂર્ણ માહિતીનો સમાવેશ નહિ થતો હોવાનું તથા અરજદારશ્રી ધ્વારા નહિ માંગેલ માહિતી / નકલનો સમાવેશ થતો હોવાનું ફલિત થાય છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ને આ હુકમ થયેથી દિન–૧૫ માં તેઓના કાર્યક્ષેત્ર હેઠળની ઉપલબ્ધ સંપૂર્ણ અને સાચી માહિતી અરજદારશ્રીને બિનચૂક ઉપલબ્ધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર– ૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**શહેર વિકાસ અધિકારી**

**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**શ્રી અંકિત એચ. સોલંકી,**

**રહે.કિશન સમોસા ગલી પાછળ,**

**બી/૧૪, સુચિ બંગ્લોઝ, ડી સ્કવેર એપાર્ટમેન્ટની સામે,**

**કિષ્ના ગર્લ્સ હોસ્ટેલ પાસે, કોલેજ રોડ,**

**નડીયાદ–૩૮૭૦૦૧**

**નકલ રવાના :–** (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) પ્રતિ...જાણ તથા અમલ સારૂ.

(૨)સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

| FIRST APEEL |
|---|
| TOWN DEVLOPMENT OFFICER |
| SMC/DTP/FAP/NO./ 2016-17 |
| Dt: - - 2017 |

**અપીલ અરજી :** શહેર વિકાસ વિભાગ,(મધ્યસ્થ) માં તા. ૦૯/૦૬/૨૦૧૭, થી કરેલ પ્રથમ અપીલ અરજી

**અરજદાર :** શ્રી પ્રવિણ તુલસીયન

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), શ્રી મીના એમ. ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** અરજદારશ્રી પ્રવિણ તુલસીયનની આર.ટી.આઇ એકટ હેઠળની અરજી આઇ.ડી.નં.૧૪૩, તા.૨૯/૦૫/૨૦૧૭ અન્વયેની શહેર વિકાસ વિભાગ (મધ્યસ્થ) માં પ્રથમ અપીલ નં.ટીડીઓ/૨૧ તા.૦૯/૦૬/૨૦૧૭ ના રોજ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ:**–(૧) અરજદારશ્રી ધ્વારા શહેર વિકાસ વિભાગમાં કરવામાં આવેલ રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ. ડી. નં.૧૪૩. તા.૨૯/૦૫/૨૦૧૭

(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીનો પત્ર નં.ટીડીઓ/આ/૧૬૬,તા. ૦૨–૦૬–૨૦૧૭.

(૩) અત્રેના ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૫૧, તા.૦૬–૦૬–૨૦૧૭.

(૪) જાહેર માહિતી અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો પત્ર નં.ટીડીઓ/૨૩૭,તા. ૨૨–૦૬–૨૦૧૭.

(૫) અત્રેના ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૯૨/૧, તા.૦૭–૦૭–૨૦૧૭. ,

(૬) અપીલ અધિકારી ઈ.ચા.નગર નિયોજકશ્રી(એ) ધ્વારા પત્રનં .ટીડીઓ/અપીલ/૨૪, તા.૨૨–૦૬–૨૦૧૭ થી તબદીલ કરેલ અરજદારશ્રી પ્રવિણ તુલસીયનની પ્રથમ અપીલ નં.ટીડીઓ/ઈ/૨૧, તા.૦૯–૦૬–૨૦૧૭

(૭) અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા પાઠવેલ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૧૮। તા.૧૨–૦૭–૨૦૧૭.

(૮) અરજદારશ્રી પ્રવિણ તુલસીયનનો પત્ર, તા.૧૭–૦૭–૨૦૧૭.

(૯) અત્રેના ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૪।, તા.૦૪–૦૮–૨૦૧૭. ,

**અરજદારશ્રી ધ્વારાસંદર્ભ (૧)હેઠળની માહિતી માંગતી આર.ટી.આઇ એકટ હેઠળની અરજી આઈ. ડી. નં.૧૪૩. તા.૨૯/૦૫/૨૦૧૭ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં કરવામાં આવેલ. સદરહું અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ના.શહેર વિકાસ અધિકારીશ્રીના સંદર્ભ (૨)ના પત્રથી મુદા નં.(૧) અને (૨) માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, અઠવાઝોનને તથા મુદા નં.(૩) ની માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી), ટાઉન પ્લાનીંગ વિભાગના તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ની અરજદારશ્રી સાથે ટેલીફોનીક ચર્ચામાં અરજદારશ્રી ધ્વારા અરજીના મુદ્દા નં.(૩) થી માંગેલ માહિતી પ્રશ્નવાળી જગ્યાના સબ પ્લોટીંગના સંબંધમાં પુછવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ. જેથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી)ધ્વારા સંદર્ભ (૩) ના પત્રથી મુદ્દા નં.(૩) ની માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને ઉકત અરજી પરત તબદીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી સંદર્ભ (૧) હેઠળની અરજીના મુદ્દા નં.(૩) અન્વયેની માહિતી પુરી પાડવા ફરી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ને તબદીલ કરવામાં આવેલ. જે અરજી અરજદારશ્રી સાથે થયેલ ચર્ચા અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ધ્વારા સંદર્ભ (૪) ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને તબદીલ કરેલ.**

**અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે શહેર વિકાસ વિભાગ મધ્યસ્થમાં તા.૦૯–૦૬–૨૦૧૭**

**થી કરેલ પ્રથમ અપીલ, અપીલ અધિકારી અને ઈ.ચા.નગર નિયોજકશ્રી (એ) ધ્વારા સંદર્ભ (૬) ના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ. જે અન્વયે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ને પત્રથી તા.૧૭–૦૭–૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સુનાવણી રાખેલ હોવાની જાણ કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) સુનવણી માટે હાજર રહેલ. અરજદારશ્રી ધ્વારા તેઓ ધ્વારા પ્રથમ અપીલ શહેર વિકાસ વિભાગ(મધ્યસ્થ) સામે કરેલ હોવાનુ જણાવેલ તથા તા.૧૭–૦૭–૨૦૧૭ ના પત્રથી લેખિતમાં પણ જે મુજબ જણાવેલ તદુઉપરાતજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ધ્વારા તેઓની અરજી અન્વયે જરૂરી તમામ કાર્યવાહી/સંબંધિત ખાતામાં તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવી તે સામે કોઈ વાંધો/અસંતોષ નથી. જે મુજબ જણાવેલ છે.**

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

અરજદારશ્રી ધ્વારા સુનાવણીમાં રૂબરૂમાં તથા સંદર્ભ (૮) ના પત્રથી લેખિતમાં જણાવ્યા મુજબ પ્રથમ અપીલ તેઓ ધ્વારા શહેર વિકાસ વિભાગ(મધ્યસ્થ) માં કરેલ છે. જેથી સદર અપીલ અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની અરજી અન્વયે જરૂરી માહિતી પુરી પાડવા/કાર્યવાહી માટે અરજદારશ્રીની પ્રથમ અપીલ, અપીલ અધિકારીશ્રી અને ઈ.ચા.નગર નિયોજક(એ), શહેર વિકાસ વિભાગ(મધ્યસ્થ) ને સંદર્ભ (૯) હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવલે છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી)ધ્વારા અરજદારશ્રીની અરજી

અન્વયે જરૂરી કાર્યવાહી કરેલ હોય, તથા અરજદારશ્રીને જે સામે કોઈ વાંધો/અસંતોષ ન હોય જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) એ વધુ કોઈ હુકમ કરવાનો થતો નથી.

**આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર– ૩૮૨૦૧૦ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.**

**અપીલ અધિકારી અને**

**શહેર વિકાસ અધિકારી**

**ટાઉન પ્લાનીંગખાતુ**

**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિશ્રી,**

**પ્રવિણ તુલસીયન,**

**ફલેટ નં.૧૦૩–૧૦૪, મધુલીકા એપાર્ટમેન્ટ,**

**બનારસી પાન હાઉસ સામે, સુરત પીપલ્સ બેંકની સામે,**

**બેંક ઓફ મહારાષ્ટની બાજુમાં,**

**ભટાર રોડ, સુરત.**

**મો.નં.૯૮૨૫૧ ૦૦૯૧૮.**

**નકલ રવાના :–** (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) પ્રતિ...જાણ તથા અમલ સારૂ.

(૨) સેકશન ઓફિસરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

મનિષ ડોકટર

શહેર વિકાસ અધિકારી

ટાઉન પ્લાનીંગ ખાતુ

સુરત મહાનગરપાલિકા,

મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

RIGHT TO INFORMATION

| પ્રથમ અપીલ હુકમ નં. |
| --- |
| Dt: - - 2018 |
| |

અપીલ અરજી : તા.૧૬/૧૦/૨૦૧૭

અરજદાર : શ્રી ધામેલીયા રાધીકકુમાર જે.,

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) શ્રી જે.એન. પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**–રાઈટ–ટુ–ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**– (૧) અરજદારશ્રીની રાઈટ–ટુ–ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૬/૧૦/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં. ૯૨૯ હેઠળની માહિતી માંગતી પ્રથમ અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને જન–ડે.ઈજનેરશ્રી, વરાછા (પુર્વ) ઝોનનો પત્રનં.ઈસ્ટઝોન /આર.ટી.આઈ.સેલ/જાવક નં.૧૯૮૦,તા.૦૮/૧૧/૨૦૧૭.

(૩) જાહેર માહિતી અધિકારી અનનાયબ નગર નિયોજકશ્રી ટાઉન પ્લાનીંગ ખાતાનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૪૫૨, તા.૦૧/૧૨/૨૦૧૭.

(૪)અરજદારશ્રીની તા.૧૨–૦૨–૨૦૧૮ ની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ અરજી આઈ.ડી.નં. ૩૦૧બાબત.

(૫) અત્રેની કચેરીનો તા.૧૭/૦૨/૨૦૧૮ નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૬.

(૬) અત્રેની કચેરીનો તા.૨૩/૦૨/૨૦૧૮ નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૫૯.

➢ **અરજદારશ્રીની અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં મળેલ હોવાની ટુંકી વિગત/પ્રસ્તાવના :**

અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે.ની તા.૧૬/૧૦/૨૦૧૭ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરિક સુવિધા કેન્દ્ર, પુર્વ(વરાછા)ઝોન, સુરત મહાનગરપાલિકાની કચેરીમાં કરવામાં આવેલ. સદર અરજી સંદર્ભ(૨) હેઠળના જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા (પુર્વ) ઝોન ધ્વારા અરજદારે માંગેલ માહિતીના કુલ ૧૧ મુદ્દાઓ પૈકીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રી(જી), ટાઉન પ્લાનીંગ ખાતાને તા.૦૮/૧૧/૨૦૧૭ ના રોજના પત્રથી તબદીલ કરવામાં આવેલ. આ તબદીલ કરેલ અરજીમાં અરજદારે માંગેલ માહિતીના કુલ ૧૧ મુદ્દાઓ પૈકીના આંશિક મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રી(જી)ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રી(ઈ)ને તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ તબદીલ કરવામાં આવેલ. સદર તબદીલ કરવામાં આવેલ અરજીમાં જણાવેલ મુદા નં.(૧),(૨),(૩) આંશિક અને મુદા નં.(૪) અન્વયે સદર તબદીલ કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા (પુર્વ) ઝોનને ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા તા.૧૯/૧૨/૨૦૧૭ થી તબદીલ કરવામાં આવેલ. વધુમાં અરજીમાં અરજદારે માંગેલ માહિતીના કુલ ૧૧ મુદ્દાઓ

પૈકીના મુદ્દા નં. (૩)ની આંશિક માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રી(ઈ)ના કાર્યક્ષેત્રમાં આવે છે. અરજદારશ્રી ધ્વારા તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર પૂર્વ ઝોન (વરાછા)માં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,પૂર્વ ઝોન (વરાછા) ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી ટાઉન પ્લાનીંગ વિભાગના અપીલ અધિકારી તથા શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ પ્રથમ અપીલ તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૧૭/૦૨/૨૦૧૮ ના પત્રથી અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદરહુ તારીખે અને સમયે અરજદાર હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી રૂબરૂ હાજર રહેલ. જેથી અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૨૬/૦૨/૨૦૧૮ ના પત્રથી અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. અને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) ને તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ સાજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા ફરીથી જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અને સમયે અરજદાર હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ) રૂબરૂ હાજર રહેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજીમાં અરજદારે માંગેલ માહિતી સ્પષ્ટ નામ કે ટેનામેન્ટ નંબરની ન હોય માહિતી બાબતે સ્પષ્ટતા થતી ન હોય અરજદારને માહિતી પાઠવી શકાયેલ નથી. તેમ છતાં અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતીમાં સ્પષ્ટ નામ કે ટેનામેન્ટ નંબરની ન હોય માહિતી બાબતે સ્પષ્ટતા કર્યેથી તેઓશ્રી ધ્વારા માંગણી કરવામાં આવે તે તમામ માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. ઉપરોકત વિગતોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: <u>હુકમ</u> :—**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની તા.૧૬/૧૦/૨૦૧૭ ના રોજની અરજી આઈ.ડી.નં. ૯૨૯ અન્વયે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ તા.૦૬/૦૨/૨૦૧૮ની પ્રથમ અપીલ બાબતમાં રૂબરૂ સુનાવણી માટે તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ નિયત કરવામાં આવેલ સમયે અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદાર હાજર ન રહેલ હોય ફરીવાર તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ નિયત કરવામાં આવેલ સુનાવણીમાં અરજદારશ્રી ધામેલીયા રાધીકકુમાર જે. તથાજાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને હાજર રહેવા જણાવેલ. પરતું અરજદારશ્રી સુનાવણીમાં હાજર રહેલ નથી તથા અન્ય વધુ કોઈ લેખિત રજુઆત પણ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ એ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ ધ્વારા અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ નથી. અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને સ્પષ્ટતા થતી ન હોય તો તેઓએ અરજદારશ્રીનો સંપર્ક કરી લેખિત પત્ર પાઠવી આ અંગે જરૂરી સ્પષ્ટતા મેળવી માહિતી પુરી પાડવા ઘટતું કરવાનું રહે પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખ ધ્વારા તે મુજબ થયેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને તાકીદે દિન–૭ (સાત) માં અરજદારશ્રીનો લેખિત /રૂબરૂમાં સંપર્ક કરી જરૂરી સ્પષ્ટતા મેળવી, અરજદારશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરાવી, અરજદાર ધ્વારા માંગણી કરવામાં આવે તે મુજબની માહિતી / નકલો વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (ઈ), શ્રી જયદીપ એન.પરીખને હુકમ કરવામા આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

**પ્રતિ,**
**શ્રી ધામેલીયા રાધીકકુમાર જે.,**
**૧૬૪,નંદનવન સોસાયટી–૧,**
**માતૃશકિત સોસાયટીની પાછળ,**
**પુણા ગામ, સુરત.**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ઈ) પ્રતિ .... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ–** આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ..... જાણ સારૂ.
**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ. L

P:\L & E\L & E REVISED ON DE. 14-03-2013\RIGHT TO INFORMATION\APEAL\FIRST APEEL-Z.SHAIKH./152



Ph: 2423751-55, Ext.NO:257 Email:tdo@
Suratmunicipal.org

| FIRST APEAL |
| --- |
| TOWN DEVELOPMENT OFFICER |
| SMC/DTP/FAP/NO. |
| Dt: - 0 -2017 |

**અરજદાર: શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલરબ.**

**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)**
**ટાઉન પ્લાનીંગ વિભાગ,સુરત મહાનગરપાલિકા.**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** સીટી સર્વે વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૩૨૨,૨૪૦૪ વિ..મિલ્કતોના સંપાદનની માહિતી બાબત (આઈ.ડી. નં. ૧૦૦૧)

**સંદર્ભ:**–(૧)શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલરબ,ની તા.૦૯–૦૮–૧૭ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૦૦૧)
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) ના તા. ૧૪–૦૯–૧૭નો પત્ર ઈ.નં./ટીપીડી/આરટીઆઈ/૩૧૨
(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) ના તા.૧૪–૦૯–૧૭નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૩૧૩.
(૪) અરજદારશ્રીની તા.૦૭–૦૯–૧૭ ની પ્રથમ અપીલ ઈ.નં./૧૯ I/૧૧–૦૯–૧૭.
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ/૩૪ I , તા.૧૯–૦૯–૨૦૧૭.

અરજદારશ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલરબની, ઉપરોકત વિષય અંગે માહિતી માંગતી અરજી સંદર્ભ (૧) થી ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૦–૦૮–૧૭ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) તા.૧૪–૦૯–૧૭ ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રીને જવાબ પાઠવેલ તેમજ માંગેલ માહિતીની નકલ મેળવવા નાણાં ભરપાઈ કરવા અરજદારશ્રીને સંદર્ભ–(૩)ના પત્રથી જણાવેલ છે. સંદર્ભ (૪) હેઠળ અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૧૧–૦૯–૧૭ના રોજ શહેર વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૧–૦૯–૧૭ ના રોજ સવારે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.તા.૦૯–૦૮–૧૭ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૧૦૦૧ અન્વયેની માહિતીનો જવાબ સમય મર્યાદામાં મળેલ ન હોવાથી માહિતીની નકલો વિના મૂલ્યે આપવા અપીલ અરજી કરેલ છે.

નિયત કરેલ સુનવણીના દિને અરજદારશ્રી હાજર રહેલ નહિ અને રૂબરૂ સુનાવણીમાં તા.૨૫–૦૯–૧૭ના રોજ અરજદારશ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલરબ, હાજર રહેલ. તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા સુનાવણીમાં હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલ:–**

આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૦૦૧ અન્વયેની માહિતીનો જવાબ સમય મર્યાદામાં મળેલ ન હોવાથી અપીલ અરજી કરેલ છે. આર.ટી.આઈ. અરજીમાં માંગવામાં આવેલ માહિતીની નકલો વિના મૂલ્યે આપવા આપવા જણાવેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારને તા.૧૪–૦૯–૧૭નો પત્ર નં./ટીપીડી/આરટીઆઈ/૩૧૨થી પ્રત્યુત્તર પાઠવામાં આવેલ છે. તેમજ આર.ટી.આઈ.અરજી સંબધિત માહિતીની નકલો, અત્રેના વિભાગના રેકર્ડ આધારિત પુરી પાડવામાં આવશે.

**<u>હુકમ</u> :–**

આર.ટી.આઈ.એકટ નમુના–કની અરજી આઈ.ડી.નં.૧૦૦૧ અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીએ સમય મર્યાદામાં અરજદારને માહિતી આપેલ ન હોય, અરજદારશ્રીની આર.ટી.આઈ. પ્રથમ અપીલ અરજીની રજુઆત ગ્રાહય રાખી, જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ અરજદારશ્રીને માહિતીની નકલો મેળવવા નાંણા ભરપાઈ કરવા સંદર્ભ–(૩) 'નમૂના–ખ' હેઠળથી જણાવેલ પત્રમાં ઉલ્લેખ કરેલ માહિતીના પાના/નકશાની નકલો વિના મૂલ્યે દિન–૭માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦. ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ**
**શ્રી આઝાદ મો. રીઝવાન અબ્દુલરબ ,**
**૧૧/૨૩૨૬, આઝાદ મંજિલ,**
**બીજો માળ, ચકલા બજાર, મરજાનશામી,**
**મેઈન રોડ,સુરત.**

**નકલ રવાનાઃ**– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) પ્રતિ ..... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ**– સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીંગ ખાતા પ્રતિ... જાણ સારૂ.

| |
|---|
| FIRST APEAL<br>TOWN DEVELOPMENT OFFICER<br>SMC/DTP/FAP/NO.<br>Dt: - 0 -2018 |

**અરજદારઃ શ્રી મો.સોહેલ મો. હુસેન ભરૂચી,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)**
**ટાઉન પ્લાનીંગ વિભાગ,સુરત મહાનગરપાલિકા.**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૧માં જે સંપાદનમાં આવેલ પ્લોટોની યાદી અને કયા ઉપયોગમાં સંપાદન કરવામાં આવેલ તેની નકશા સાથે માહિતી બાબત
(આઈ.ડી. નં. ૧૫૪૩)

**સંદર્ભઃ**–(૧)શ્રી મો.સોહેલ મો. હુસેન ભરૂચીની તા.૦૭–૧૦–૧૭ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૫૪૩)
(૨)એક્ઝીક્યુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્રનં. સીસીસી. સીઝેડ / આર.ટી.આઈ. / આઉટ / ૧૫૪૩ તા.૦૯/૧૦/૨૦૧૭.
(૩) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન, સુરત મહાનગરપાલિકાના પત્રનં. સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/૧૭૦૭,તા.૧૮/૧૨/૨૦૧૭.
(૪) અરજદારશ્રીની તા.૩૦–૧૧–૧૭ ની પ્રથમ અપીલ
(૫)અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(ઉ.),સેન્ટ્રલ ઝોનના પત્ર સી.ઝેડ./ આરટીઆઈ/ આ/ નં.૧૭૭૩ તા.૨૬–૧૨–૨૦૧૭.

અરજદારશ્રી મો.સોહેલ મો. હુસેન ભરૂચીની, ઉપરોક્ત વિષય અંગે માહિતી માંગતી સંદર્ભ–(૧)ની અરજી, સંદર્ભ–(૩)હેઠળના પત્રથી તબદીલ થઈ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૦–૧૦–૧૭ના રોજ મળેલ. તેમજ અરજદારશ્રીની સંદર્ભ–(૪)હેઠળની પ્રથમ અપીલ અરજી, સંદર્ભ–(૫) હેઠળના પત્રથી તબદીલ થઈ તા.૨૬–૧૨–૧૭ના રોજ શહેર વિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૦૬–૦૧–૧૮ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી નિયત કરેલ.જે અન્વયે અત્રેથી અરજદારશ્રીને ટેલીફોનીક રીતે સુનવણીની નિયત કરેલ તારીખ/સમયે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૦૭–૧૦–૧૭ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૧૫૪૩ અન્વયેની માહિતી મળેલ ન હોવાથી માહિતી પૂરી પાડવા અપીલ અરજી કરેલ છે.

નિયત કરેલ સુનવણીના દિને અરજદારશ્રી મો.સોહેલ મો. હુસેન ભરૂચી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા સુનાવણીમાં હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૫૪૩ અન્વયેની માહિતી મળેલ નથી તેમજ સમય મર્યાદામાં મળેલ ન હોવાથી અપીલ અરજી કરેલ છે. આર.ટી.આઈ. અરજીમાં માંગવામાં આવેલ માહિતીની નકલો વિના મૂલ્યે આપવા આપવા જણાવેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રીની આર.ટી.આઈ.હેઠળની ૦૭–૧૦–૧૭ની અરજી, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોને પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/૧૭૦૭,તા.૧૮/૧૨/૨૦૧૭થી અત્રે તબદીલ કરેલ જે તા.૨૦/૧૨/૨૦૧૭ના રોજ મળેલ છે. જેના કારણે સમય મર્યાદામાં અરજદારશ્રીને માહિતી પાઠવી શકાયેલ નથી. તેમજ આર.ટી.આઈ.અરજી સંબધિત માહિતીની નકલો, અત્રેના વિભાગના રેકર્ડ આધારિત પુરી પાડવામાં આવશે.

**<u>હુકમ</u> :–**

આર.ટી.આઈ.એકટ નમુના–કની અરજી આઈ.ડી.નં.૧૫૪૩ અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીએ સમય મર્યાદામાં અરજદારને માહિતી આપેલ ન હોય, અરજદારશ્રીની આર.ટી.આઈ. પ્રથમ અપીલ અરજીની રજુઆત ગ્રાહય રાખી, અરજદારશ્રીની નમુના–કની અરજીમાં માંગેલ માહિતી તેમજ તેની નકલો ખાતાના રેકર્ડ આધારીત વિના મૂલ્યે દિન–૭માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦. ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ**
**મો.સોહેલ મો. હુસેન ભરૂચી,**
**૧૨/૬૬૮, બીજો માળ, નૂર મંજીલ,**
**રાણી તળાવ, ખાટકીવાડ, લાલગેટ,**
**સુરત.**

**નકલ રવાનાઃ–** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) પ્રતિ ..... જાણ તથા અમલ સારૂ.
**નકલ રવાનાઃ–** સેકશન ઓફીસર, ટાઉન પ્લાનીગ ખાતા પ્રતિ... જાણ સારૂ.